નગરીનો

ચતુરસિંહ ઠગારો.

નામની અતી રસીક અને મનુરંજન
કરનારી હાસ્યજનક વાર્ત્તા.

ભાગ પહેલો.

મરાઠી ઉપરથી ભાષાંતર કર્ત્તા.

શ્યામ સુંદર પરાયગરાય કુન્તનપુરી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શા. નારાયણલાલ મોતીલાલ.
બુકસેલર—અમદાવાદ.

૧૯૬૮ આવૃત્તિ પહેલી. સન ૧૯૧૨

'રામકૃષ્ણ' પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલવદાસે
છાપ્યું.—પાંચકુવા રીડરોડ—અમદાવાદ.

કીમ્મત આઠ આના.

ચતુરસિંહ ઠગારો.

ભાગ પહેલો.

વાર્તા પેહલી.

ચતુરસિંહનું ચરીત્ર.

રાજાને સોકમય મુદ્રાથી બેઠેલા જોઇને પ્રધાને પુછયું કે, 'ઉજેણુ પતિ—આપ જેવા મહાત્માં અને પરાક્રમી પુરૂષોને આવી વ્યથા શાથી ઉત્પન્ન થઈ તે જો કૃપા કરીને આપના દાસને વીદીત કરશો તો શું હું તમારા દુ:ખમાં ભાગ નહી લઈ શકું. વિક્રમે કહ્યું કે, ' ગઇરાત્રે મેં જે કાંઇ જોયું છે તે ઉપરથી મને બહુ વિચાર ઉત્પન્ન થાય છે.' પ્રધાને કહ્યું કે, એવી તે શી બાબદ છે ! વિક્રમે કહ્યુ કે, અહો બુદ્ધિશાળી પ્રધાન ! શું કહું ! કહેતાજ મને શરમ થાય છે, કારણ કે, ઉંડાણમાં ઉતરી વીચાર કરી જોતા તો ખુલ્લું જણાય આવ્યું છે કે એવી નીર્લજ અને નીચું જોનારી વાતોની અંદર હાથ નાખવો મારા

જેવા એક રાજના તાજને ઘટીત નથી, પણ બીજી બાજુએથી વીચાર કરવા જઉં છું તો મને એમ લાગ્યું કે, માણસ જે વાત કરે છે, તે પ્રમાણે વર્તવાને અંતની ઘડી સુધી દ્દઢ રહે છે કે નહીં તેની, પરીક્ષા કરવી. આવા હેતુથી હું તમને કહું છું કે, "આજ રાત્રિના તમે પોતે રામભટ નામના પંડિતના ઘરની પાછળ જે કાંઇ તમારા સાંભળવામાં આવે તો, ઉભા રહીને સાંભલજો."

ઠરાવ પ્રમાણે રાતના પ્રધાનજી અંધાર પછોડો ઓઢીને રોન ફરતાં ફરતાં પંડિતના ઘર પાછળ આવી ઉભા રહયાં. ત્યાં ગઇ કાલની પેઠે પ્રપંચ ચાલી રહયો હતો.

શશીકળા—બાપા. હું કહું છું તે સત્ય છે. તેનો અનુભવ લેશો.

રામભટ—બેટી વિક્રમચરિત્રની બરાબર બીજા કોઈ પણ ચરિત્ર ઉત્તમ નથી. શુધ્ધ નિર્મળ અને પરોપકારથી ભરપુર વિક્રમ ચરિત્ર સર્વોતમ છે.

શશીકળા—પ્રપંચ પવિત્રના અને ચાલાકી યુકત સ્ત્રી ચરિત્રના આગળ વિક્રમ ચરિત્ર કશા લેખામાંજ નથી! હું પ્રતિજ્ઞાપુર્વક કહું છું કે, તેનો દાખલો કોઇ દિવસ વિક્રમ સાથે તમે નજરો નજર જોશો.

પ્રિય વાંચક—પ્રધાનજી ઉપલી વાર્તાથી દંગ થઇ ગયો અને તુરત રોન પડતી મુકી વિક્રમની હજુરમાં હાજર થયો.

અરધી રોનથી પાછો આવેલો પ્રધાનજીને જોઇને વિક્રમે પુછયું કે, કેમ સુભટ જલદી પાછા પધાર્યા.'

પ્રધાન—કાર્ય સીદ્ધ થવાથી તુરત પાછો આવ્યો. આપની ઇચ્છા શું છે તે જણાવશો.

વિક્રમ—તે કન્યાને ઘરમાં લાવી તેણીનું ચરીત્ર જોવા ઉત્કંથા

થઈ છે. તે ઉત્કંઠા પૂર્ણ કરવાનું કામ તમારા જેવા વીવેક અને ચાલાક પુરૂષના હાથમાં સોપું છું.

હુકમ થતાજ પ્રધાનજી રામભટની ઝુંપડી જઈ પહોંચ્યો અને વિક્રમના વિચારો પ્રદર્શિત કર્યા. જે પરથી પંડીતે કહ્યું કે, 'અસ્તું. હું કબુલ છું. અને મારી પુત્રીનો એવોજ વિચાર છે. જો કે રાજાની જાન જમાડવા જેટલું દ્રવ્ય મારી પાસે નથી, તેથી પ્રધાનજીએ તેમને ખર્ચ વાસ્તે પંદર હજાર સોના મ્હોરો મોકલાવી આપી અને રાજાના લગ્નની ત્યારી કરવા માંડી.

ક્ષત્રીને બ્રાહ્મણની છોકરી આપવા માટે શશીકળાની માતાએ વાંધો લીધો પરંતુ વિક્રમના કુળમાં અપાયલી બ્રાહમણની છોકરીઓનો દાખલો આપીને રામભટે તેણીને શાંત કરી અને શશીકળાનો બોલવાનો મતલબ જણાવ્યો જેથી શશીકળાની માતા એ અને ત્યાં બેઠેલા બીજા પંડિતોએ પણ તે વિચાર સ્વિકાર્યો. અને સ્ભારંભથી લગ્ન કરી આપ્યા.

ઠરાવ પ્રમાણે, શશીકળા સાશરે ગયા બાદ શયનની પહેલી મુલાકાતમાં વિક્રમે ભુતકાળની વાત શરૂ કરીને કહ્યું કે 'તારા હઠ પ્રમાણે સ્ત્રી ચરિત્રની ખુબી બતાવ.' પોતાની બાબત રાજા જાણેછે એમ સમજી સ્મિતહાસ્યથી શશીકળાએ કહયું કે, 'મહારાજ, આજની રાત વિતિ જવાદો, કાલે હું આપને બતાવીશ.' એવા વિનોદથી તે રાત્રી આનંદમાં ગાળીને પ્રાતઃકાલે શશીકળા ઉઠીને પ્રયરિમાં ગઇ. પોતાની માતુશ્રી આગળ રાતનું વૃત્તાંત કહેતા બોલી કે, 'આજે મારે રાજાને મારૂં ચરીત્ર દેખાડવાનું છે.'

આ તારી અવીચારી હઠથી રાજા હઠના કારણને લીધે તારા શરીરને નુકશાન ન થાય તેની તું સંભાળ રાખજે, એમ તેની માતાએ

સમજાવી, જેથી તેણીને ધીરજ આવી, પોતે પાછી શ્વશુર ભુવનમાં ગઇ. રાજાએ ઠરાવ પ્રમાણે તેની પાસે તે ચરિત્ર માગ્યું. પરંતુ તુરતા તુરત નહીં બનાવવામાં આવશે, પણ તે પૂર્ણ રીતે બતાવી તેની ખાત્રી કરી આપવાને બેચાર મહિના લાગશે. તેવું શશીકળાનું બોલવું સાંભળીને રાજાએ તુરત તેને પોતે આગળથી ગોઠવી મુકેલા એક દંડા મહેલમાં કેદ કરી.

ચતુર શશીકળા કે જેણી પ્રથમ થયેલી સુચનાથી પિયરથી નિકલતાંજ તરત તુંબડી નાંખી સાથે બાંધી લીધા હતા. તેનો ઉપ્યોગ આ ઠેકાણે કર્યો. મહેલની ચારે બાજુએ ઉંની ખાઇ ખોદાવી માંહી પાણી ભરી દીધું હતું, તેના કીનારાપર મહેલને લગતા શશીકળાએ તે બીજ વાવી દીધા, જે થોડા દિવસમાં તેની વેલી વધી જઇને ફળને પ્રાપ્ત થયાં. તે ફળો કંઇ દિવસમાં મહોટાં થઇને તેના તુમડાં બન્યાં, જેનાથી શશીકળાએ તરવાની કળા શીખવા માંડી. એક અઠવાડિયામાં કાબેલ તરનારી થઇને સમયાનુસાર ખાઇના પહેલી તરફ ઉતરી ગઇ. તેવીજ તેણી પિતાના ઘરમાં આવી દાખલ થઇ અને ત્યાં નૃત્ય ગાયન શીખવાનો આરંભ કર્યો. તેમાં પ્રવિણ થઇને જાહેર નાયકણ તરીકે એક ધર્મશાળામાં મુકામ કર્યો અને ત્યાંજ બેસી ગાનતાનનું કામ કરવા લાગી. કોઇના બોલાવવાથી તેને ઘર જવાને સાફ તે ના પાડતી હતી. આવી સ્થિતિમાં તેણીનું માન વિશેષ વધતું ગયું અને તેની કીર્તિની વાતો રાજા સુધી પહોંચી. રાજાએ પ્રધાનને મોકલી આગ્રહથી એ ગણીકાને રાજ સભામા બોલાવી. રાજાના હુકમ પ્રમાણે કચેરીમાં આવી મુજરા સાથે ગાન તાનથી રાજાને ખુબ પ્રસન્ન કર્યો, તેણીના મોહ જાલમાં અંજાઇ જઇને રાજાએ તેણીને પોતાના મહેલમાં રાખવાને આગ્રહ કર્યો. રાજયાગ્રહ આગળ

પોતાનો ઉપાય ન ચાલવાથી નિરૂપાયે રાજ મહેલમાં રહી રાજાથી પોતાને ગર્ભ રહયો, તેણીને એવું જણાવાથી તુર્ત તેણીએ રાજ મ્હેલનો ત્યાગ કરવાનો ઠરાવ કર્યો અને પ્રપંચથી રાજાને સમજાવી તેની પાસેથી કટાર વિંટી તથા રૂમાલ માગી લઇને પસાર થઇ જઇને પોતાના એક દંડા મહેલમાં જઇને રહી. ત્યાં તેણીને નવ માસ પુરા થતાં એક પુત્ર થયો. પુત્ર રત્ન જોઇને પ્રસન્ન થયેલી શશીકળા તન મન ધનથી તેનું પાલન કરવા લાગી. કાલે કરીને તે પુત્ર ચાર પાંચ વર્ષનો થયો ત્યારે પોતાના પિતાને યજ્ઞો પવિત સંસ્કાર તથા વિદ્યાભ્યાસ સારૂં સોંપી આપ્યો.

પુત્રના લક્ષણ પારણામાંથી વરતાયેજ, એ ન્યાય પ્રમાણે તે પુત્ર દીવસાનુંદિવસ વિદ્યા જ્ઞાનમાં વધતો જઈ પોતાના ન્હાના તુલ્ય એક અચ્છો અને બીજા પંડિતો સાથે ટકર લઇ શકે તેવો પંડિત બન્યો. તેથી નહાનાએ ખુશી થઇને તેનું નામ ચતુરસિંહ રાખ્યું.

પછી છોકરા સાથે રમતાં એક દિવસ કોઈ એક ગોઠીએ નબાપો કહી તેને બોલાવતાં ચતુરસીંહના ક્રોધના પાર રહ્યો નહીં, અને પોતાના મનમાં બડબડવા લાગ્યો, કે, શું મારો પીતા નથી; કે શું મારો જન્મ થયા પહેલાં મારો પીતા સ્વર્ગવાસ થયો હતો ! કે જેથી છોકરાઓ મને ન બાપો કહે છે ! હું અને મારી મા તો મોસાલમાં રહીએ છૈયે. મારા પીતા તો કદી પણ મારા જોવામાં આવતા નથી. શું તે આ જન્મ ભુમિકા નહીં હોય ! તે કોઈ બીજીજ ભુમીના વાસી હશે ! કે શું મારી માતા મારા પીતાથી રીસાઇને અંહીઆ આવીને રહી છે, અને ત્યાર પછીજ મારો જન્મ થયો છે તેથી છોકરાઓ મને ન બાપો કહે છે. આમા મને કંઇ સમજ પડતી નથી, છે તો કંઈ ઘોટાળો ! તે

જાણવાની શું મને જરૂર નથી! છે! તો કોને પુછું! જન્મ આપનાર-ને જ પુછું! જો તેનો બરાબર ખુલાસો મારી માતા મને નહીં જણાવશે તો, તેને આ જગતમાં જીવતી રહેવા હરગીસ રહેવા દેનાર નથી. આવો વીચાર કરીને તેણે પોતાની માતાને પોતાને જે શંકા થઇ હતી તેને માટે પુછ્યું.

પુત્રના સવાલપર શશીકળાએ તેના બાપનું સર્વ વૃત્તાંત તેને સમજાવી આપ્યું. તેથી બાપને મળવા જવાં તથા પોતાનું પરાક્રમ દેખાડવા ચતુરસિંહ તત્પર થયો. માતાએ તેને બે રસ્તા બતાવ્યા. જો કે એક રસ્તો, ઉજ્જેણથી ત્રીસ માઇલ તથા બીજો વિસ માઇલ લાંબો હતો. હવે ટુંકે રસ્તે જતાં ચોર પિંઢારાનો ભય હતો. અને ત્રિશ માઇલનો લાંબો રસ્તો નિર્ભય હતો. બે રસ્તાની બાબદ સમજાવ્યા પછી ખર્ચને માટે પાંચ રત્નો તથા ખાન પાન સારૂ ભાતુ આપી શશીકળાએ પુત્રને રવાના કર્યો. માતુનો મહેલ છોડી તે રસ્તે પડેલા ચતુરસિંહ વિચારે કર્યો કે, 'લાંબે રસ્તે ફરીને જવા કરતાં ટુંકે રસ્તે કાં ન જવું ? ચોર વગેરે મને શું કરનાર છે ? તે તો જાણવામાં આવશે તથા રાજકુવંરનો હાથ તેઓ પણ જોશેતો ખરા ! એમ કઇ તે ચોરાટીઆને રસ્તે ઉજ્જેણી જવા વિદાય થયો.

વાર્તા બીજી.

ચતુરસિંહ અને ચોર.

માતા પાશેથી નીકળીને ચતુરસિંહ રસ્તે પડયો. આશરે આઠેક મૈલ પર પહોંચ્યા બાદ તેને એક તલાવડી મળી. તીમણ ભાતુ ખાઇને આગળ વધવાની ઇચ્છાથી તેણે એક ઝાડ નીચે વસ્ત્રાદિક મૂકીને ન્હાવા તલાવડીમાં ઉતર્યો. ડુબકી મારીને માથું બ્હાર કાઢતાં જોયું તો કોઈ ચાર જણને એક બાજુ ઉભા રહીને કંઈ મસલત ચલાવતા દીઠા. જરૂર આ ચોર લોકો છે. એમ એના મનની ખાત્રી થતાંજ તેણે ફરી ડુબકી મારી પાછાં નીકળતાં કમ્મરમાંના પાંચ રત્નોમાંથી એકને છુટું હાથમાં લઇને બ્હાર નીકળ્યો. નીકળતી વખત બોલ્યો કે, 'અરે યારો! આ તલાવડીમાં તમે રોજ ન્હાતા હશો? આનું નામ શું?'

ચોરો–એને રાન તલાવડી કહે છે.

ચતુરસિંહ–નહિ, નહિ, દોસ્ત! એનું નામતો રત્નતળાવડી ઘટે છે!

ચોરો–એમ કેમ?

ચતુરસિંહ–ડુબકી મારતાંજ મને રત્ન મલ્યું છે. એમ કહી હાથ માંનુ એક રત્ન તે લોકોને દેખાડયું, બીજી વખત કાઢવાને ચોરોએ ફરમાવતાં બીજી ડુબકીથી એક બીજુ રત્ન કાઢી લાવ્યો, જ્યારે ત્રીજી ડુબકી મારવા પીંઢરાઓએ સૂચવ્યું તે મુજબ ત્રીજી ડુબકી મારીને તે બીજા બે રત્નો કાઢી લાવ્યો. આવી રીતના ચાર રત્નોની અકસ્માત આયાત જોઇને ધાડપાડુ લોકો લલચયા અને તેણે આવેલા રાજકુંવરને લુટવાને બદલે પોતે આજ સુધી અનેકોને લુટવા બાબતનો પસ્તાવે કરવા લાગ્યા,

અને પતિજ્ઞા કરીકે, 'અમને રત્નોનો લાભ થાય એટલે આજથી અમે પણ આ લુટફાટ ચલાવવાની આ ખરાબ હરામખોરીનો ત્યાગ કરીશું'?" એવી પ્રતિજ્ઞાથી કપડાં વગેરે કાઢી તથા નાયકનો ઘોડો અને સર્વેનો પોષાક તે વટેમાર્ગુ કુંવરને સોંપી પોતાનાં પાછલાં પાપોનો પસ્તાવો કરતા તલાવડીમાં પડયા.

ઉચું જોઈ ઇશ્વરનું સ્મરણ કરીને ડુબકી મારી રત્નો કાઢવાના કામમા રોકાયા કે રાજશાર્દુલ ચતુરસિંહ તેઓના ડ્રેશને ફેંકી તથા તેઓની લુંટનો નગદી માલ કબજે કરીને નાયકના ઘોડા પર સ્વાર થઇને છે પાંચ ગણી ગયો, અને તે સીધો શહેરમાં પહોંચ્યો.

શહેરની ભાગોળે આવીને સર્વ સામાન સંભાળી લઇને હયને હાંકી મુકયો. હવે શહેરમાં કયાં જવું? અને કેમ કરવું? આ બાબતનો તેને મોટો વિચાર થઇ પડયો. અહીં આપણું કોઈ પણ ઓળખીતું નથી. એમ ધારીને તેણે તર્ક લડાવ્યો કે, જેમ પંખીમાં કાગડો, અને પશુમાં શિયાળ શહાણા છે. તેમજ મનુષ્યમાં નાપિક (હજામ) તથા (ફુલ વેચનારી) ની જાત ઘણી ધુર્ત હોય છે, એમ ધારીને તેણે એક વૃદ્ધ અને સમજુ ફુલ માલણનાં ઘરમાં જઇને મુકામ કર્યો. તથા તેણીને સમજાવ્યું કે, લોકોના પુછવાથી તારે કહેવું કે, મારી બેનનો દીકરો. તે ભાણેજ મારે ઘેરે આવ્યો છે એમ સુચવજે.

આવી રીતનો બંદોબસ્ત કરી પોતાનું આસન દ્રઢ કરીને પછી તેણે પોતાનાં ભવિષ્ય કાર્યનો આરંભ કર્યો. તેણે પ્રથમ પેલા ચાર પિંઢારાઓની વધુ દુર્દશા કરવાનો મનસુબો નકી કર્યો. અને તે ઠેરાવ પ્રમાણે તે ચોરવાડ (જયાં ચોરનોજ વાસછે) માં ગયો. ચોરના મહોલ્લામાં

પહોંચતાજ તેણે પુકારીને બોલવા માંડયું. જોશી બાવાના વેશથી ગ-યેલા ચતુરસિંહે, ત્યાં જોશીપણું દેખાડવા માંડયું. રાડ પાડીને તે બોલ્યો કે, 'અરે ભાઇઓ અને બેનો ! આજ ઘણા દિવસે તમારા ફળીયામાં જોશી બાવાના પગ થયા છે, ભુત ભવિષ્ય કે વર્તમાન જે કાંઇ પુછવું હોય તે બેશક મને પૂછવું. હું યોગ્ય અને શાચે સાચુંજ કહીશ.

તે સાંભળી લઇને સઘળા મહોલ્લાની સ્ત્રીઓ એકઠી થઇ. તેણીઓને જોઇને જોશી બાવો વધુ આડંબરથી બોલ્યો કે 'આ ફળીયામાં એક જીવતી દાકણ રહે છે. તેણી તે બાઇ બચ્ચાઓનેજ ખાય છે. જેથી સૌ સ્ત્રીઓએ પોત પોતાના બાળકોને સંભાળવા. સમી સાંજ વખતે ઉઘાડે માથે આંગણામાં જવા દેવા નહિ. વળી તેના પુરાવામાં એવું કહું છું કે, આ મહોલ્લામાંથી એક જણ પરદેશ ગયો છે અને બાકીના બીજા ચાર જણતો શિકારે ગયા છે.'

જોશી બાવાના ઉપલાં દ્દષ્ટાંતિક બોલવા પર ભરોસો આવવાથી સઘળી સ્ત્રીઓ જોશી બાવાને ઘેરો ઘાલીને એકઠી થઈ ગઇ.

એકઠી થયેલીમાંની એક જણીએ બીજી ત્રણ સ્ત્રીઓને દેખાડતાં બોલીકે, જે ચાર જણાઓ શિકારે ગયાછે એમ આપે કહયું છે, તેઓજ આ ચાર જણીઓના ધણી છે તે કયારે ને કેમ કરીને આવશે. તે કહેશોજી.'

આડંબરથી. મીન મેખ વરખને મીઠુંનને, જેવું જાણ્યું તેવું દીઠું ધન, મકરને, કુંભ શીદને મારેછે બુમ વગેરે આડું અવળું બર-બડતા આંગળાનાં વેઢા ગણીને જોશી બાવા બોલ્યા કે, ચારે જણ-જમીને ગયા છે. સાચું હોય તો હા નહીં તો ના કહેજો, શરમાશો નહિ. તે બાબત ખરી હોવાથી સઘળીઓએ કબુલ કરી.

બાદ જોષીરાજ આગળ બોલ્યા કે, તે ચારે જણા આજે બહુ ભારી શિકાર લઇને આવનાર છે. તેઓ એટલું બધું દ્રવ્ય લાવશે કે સાત પેઢી સુધી ખાતાં ખુટનારજ નથી. જોશી બાવાના આ આસ્તા ઉત્પન્ન કરનારા પ્રેમાલ વચનોથી પ્રેમઘેલી જેવી બનેલી ચોર પત્નિઓ બહુ ખુશ ખુશ થઇ ગઈ. તાલ જામ્યો જોઇને જોષીબાવા વધુ ચલાવા લાગ્યા.

જોશી–(આશ્ચર્યથી) હા ! ! હા ! ! ! પણ વચ્ચે રાહુ નડેછે તેની પુરતી શાંતી થવી ઘટે છે કારણ કે સુર્ય ચંદ્ર જેવા સમર્થને પણ તે ગ્રહો બાધ કર્યા વગર રહેતો નથી.

સ્ત્રીઓ–ત્યારે તો તેનું કંઇ પણ નિવારણ થવું જોઇએ મહારાજ.

જોષી–નીવારણ થવું કાંઈ સહેલ નથી, ગરીબોનું તે કામ નથી રાજ રજવાડાપણ રાહુનું નિવારણ કરવા પુરતું સામાર્થ્ય ધરાવતા નથી, તો પછી બીજાનું ગજુજ શું ?

સ્ત્રીઓ–મહારાજ અમને જણાવો તો ખરા! અમારી શક્તિ પ્રમાણે અમે પાછી પાની નહિ કરીશું. કારણ કે તમો જે જણાવશો તે અમારાજ ફાયદા સારૂં, એ અમે સારી પેઠે સમજીએ છીએ. જેથી આપ ફીકર ન કરો.

ભોળપણે ભોળવાએલી ભામનીઓને ભાળીને જોશી બાવા ખુશી થતાં બોલ્યા કે, ‘ વારૂ ! બાઇઓ પરોપકાર અને તમારા ભલા સારૂં હું યોગ્ય ઉપાય લઇશ. માત્ર હોમ સારૂ હીરા માણેક મોતી વિગેરે જવાહીરની જરૂર છે. પ્રમાણતો સવ્વામણ પકકાનું છે, પણ ગરીબમાં ગરીબ હોયતો સવ્વાશેર પકકા સુધીએ ચલાવી લેવાય. જોષી બાવાના આ ખરેખરા વેદ વાકયો છે એવું માની લઇને તે ચોર સ્ત્રીઓએ ઘરમાંથી જે કંઈ જવાહીર નીકળ્યું તે બધુ અંત્યત દ્રવ્યના લોભથી લાવીને જોષી બાવા આગળ રજુ

કર્યું. હોમાદિકના આડંબર રૂપે ધુપ ધુંવાડો કરીને તે સર્વ દ્રવ્ય જોષી બાવે ઝોળી નશીન કર્યું. અને પછી પોતે ચાલતા થયા. જાતી વખતે જણાવી ગયા કે દ્રવ્યની તાણથી ગૃહની અર્ધ શાંતિ થઈ છે તેથી ગ્રહ હજી એકવાર પોતાનો ભાવ ભજવશે તે એવી રીતે કે, ચાર રાક્ષસને તમારા સ્વામી રૂપ બનાવીને તમને ઠગવા અહીં મોકલી આપશે. તેઓ અર્ધરાત્રને વખતે આવશે, જો તેઓને પતિ ગણીને ઠગાઈ જશો તો તમારૂં સર્વસ્વ લુંટી જઇને તમારા પતિઓનો પણ પ્રાણાંત કરશે. જેથી ચેતીને ચાલશો તો સારૂ થશે, જેવી વર્તણુક તેઓ કરે તેવીજ તમારે સામી ચલાવવી જોઇયે, તોજ ફાવશો અને સવારે અગણિત દ્રવ્ય સાથે તમારા પતિઓ તમને મળશે. એમ વાત બેસાડી દક્ષણા આવતી કાલ પર લેવાની રાખી જોષી બાવા વિદાય થયા. નિરલોભતા અને સત્યતાપર જોષી બાવાનો ભરોસો લાવી તે સ્રીઓ પોતાંના કમાડ વાશીને ઘરમાં પેશી ગઈ.

પ્રિય વાંચક ! ! ! હવે પેલા ચોરોની શી દશા થઈ તે તરફ તારૂં લક્ષ ખેંચ. તે ચારે જણા સાંજ સુધી તલાવડીમાં ડુબકી મારતાં મહેનત કરી કરીને થાકા તોપણ તેના હાથમાં તો રત્નોને બદલે પથ્થરજ આવ્યા. છેવટ સંધ્યાકાળ થતાં થાકીને લોથ થયેલા તથા સરદીથી અકડાઇ રહેલા ચારે ચોર બહાર નીકળી ઘોડાને વસ્ત્રો તરફ આવ્યા, જ્યાં માલ કે ઘોડા કશું પણ મળ્યું નહીં. ફક્ત પહેરવાના થોડાં ઘણાં ચીંથરાજ હાથ લાગ્યા. હવે કેમ કરવું ? અને કયાં જવું ? તેનો વિચાર કરતા ઝાડ નીચે બેઠા. રાત પડી, અંધારૂં થયું, તથા એક બીજાનું મોઢું ન દેખાય એટલી હદ સુધી રાત થઇ ગઇ, ત્યારે તેઓ મહોલ્લામાં આવી પહોંચ્યા. પણ અહીં તો જોષી બાવાનો જાદુઇ પ્રયોગ પ્રવર્તી રહ્યો હતો. ચાર રાક્ષસોના ભયથી ફળીયાના તમાંમ

ઘરો કંપી રહ્યાં હતાં, પોત પોતાનાં ઘર આંગળ આવીને તેઓએ કમાડ ઠોકવા માંડયા પણ દૈત્યોની બ્રાંતીથી અંદરની સ્ત્રીઓએ ઉત્તર સરખો વાળ્યો નહીં. જેથી ખીજવાઇને તે લોકો દરવાજા તોડીને ઘરમાં પેઠા. પણ આગલી સલાહ પ્રમાણે ભોળી નારીઓ સુવાને બદલે દૈત્યાશાસન સારૂ હળ મુશળારૂઢ થઇને બેઠીજ હતીઓ. તેણીઓએ તાબડ તોબ તેનો ઉપયોગ કરવા લાગીઓ. અંધારામાંથી ધોકા અને સાંબેલા પોતાનાં પર આવતા જોઇને તેઓ ગભરાણા અને બોલતા બંધ થયા. તથા મારથી કાયર થયા. કોઈ જખમી થયો કોઇ વધુ ઘાયલ થયો કોઇ મરણ તોલ થયો અને નાયક તો મરીજ ગયો. બીજા ત્રણ જણા નાયકના સબને ઉપાડીને નાશી ગયા, સવાર સુધીમાં તે મુડદાંની વ્યવસ્થા કરી સુર્યોદય પછી પાછા ત્રણ જણ ઘેરે આવ્યા. દ્રવ્ય હિણ ત્રણ જણાને આવેલા જોઇને સ્ત્રીઓએ પુછયું કે, તમે ઘણું દ્રવ્ય લાવનાર હતા. તે તથા નાયકજી કયાં છે ? તેમ રાક્ષસો તમને કયાં મળ્યા હતા ? સ્ત્રીઓના પ્રશ્નથી સંદેહમાં પડીને પોતાના વૃત્તાંત સાથે તેણીઓનો સર્વ વૃત્તાંત સમજી લીધો. અને દુનિઆને લુટનાર તથા ઠગનાર પોતાઓને આવી દશાએ પહોંચાડનાર બાલ ઠગની હિમ્મત અને ધુર્તતા પર આશ્ચર્ય પામી તે લોકો મનમાંને મનમાં સમ સમીને છાના બેઠા. પણ તેનાથી છાનું બેસી રહેવાયું નહીં, અને પાછા તે ત્રણે જણા એકઠા થઇને વીચાર કરવા લાગ્યા કે આપણને ને આપણી સ્ત્રીઓને ઠગી, આપણું દ્રવ્ય લુટી જનાર તે બાળ ઠગને શોધી કાઢી તેની ખબર લેવા જોઇએ ! જો આપણે તેની ખબર નહી લેશું તો, તે બાળ ઠગ જરૂર આપણને ધીકાર્યા વગર રહેનાર નથી માટે તેને પ્રથમ આપણો હાથ બતાવો જોઇએ ! આવી રીતે તેઓએ

ઘણીવાર સુધી તે બાલ ઠગને કયાંથી શોધો કહાડવો અને તેને કેવી રીતે ઠગવો તેને માટે અનેક યુકતીઓ યોજી જોઇ પણ તેમાની એક યુકતી પણ બરોબર ન સુઝવાથી ગાલે તમાચો મારીને તે બાળ ઠગને ઠગવાનો વીચાર માંડી વાળ્યો અને પોતાના અસલ ધંધામાં લાગી ગયા.

વાર્તા ત્રીજી.

વેપારીઓને ઠગ્યા.

પ્રીય વાંચક ! ! માલણ પૈશાની ઘણી લોભી હોવાથી નવા પરોણા ચતુરસિંહે તેણીની ઇચ્છાનુસાર ખર્ચ પુરો કરવા તથા વર્તણુક ચલાવવા શરૂ કરી.

બીજે દીવશે પરોઢીયે ઉઠીને ચતુર શીરોમણી ચતુર મોતી બજાર (મારકીટ) પાશે ગયો અને ત્યાં બેઠેલા મજુર ટોળીમાંના બે ખબરદાર હમાલોને પસંદ કરી પોતા સાથે લીધા, રસ્તે ચાલતા હેલકારીઓને પુછયું કે' ' હું તમને નોકરી રાખવા ચાહુંછું, જો તમારી મરજી હોયતો તમે પગાર વગેરેનું બોલી નક્ષી ઠરાવો, એટલે હું તમને આજથી કાયમ કરી આપીશ. '

મજુરો પોતાની યોગ્યતા પ્રમાણે પગાર વગેરેનું સ્પષ્ટ બોલ્યા. તેની મજુરી કરતાં તેથી પણ વધુ બબે રૂપીઆ આપવા કબુલ કીધા ગરીબ લોકોને ખર્ચવામાં અડચણ ન આવે એમ ધારીને પાંચ પાંચ

રૂપીઆ અગાઉ પગાર પેટે આગળથી કાઢી આપ્યા. જેથી મજુરો અત્યંત વીશ્વાસયુક્ત પ્રસન્નતાથી વશ થયા.

બે નોકરો સાથે આગળ વધતા ઠગરાજ ચતુરસીંહ વીચાર કરતો ચાલ્યો કે, જો 'મારવો તો માર, ફકીર પર શો હાથ કરવો' ગરીબ લોકો અસમર્થ હોવાથી સાધુ પંક્તીમાં ગણવાને લાયક છે અદાતા 'કરોડોપતી કોટીધ્વજ' પણું ધરાવતા છતાં દાન કે ભોગમાં લક્ષ્મીનો વ્યય કરતા નથી. જેથી તેની નિરૂપયોગી જેવીછે. દોલત ધનનો દાન તથા ભોગમાં ઉપયોગ ન થાય; તો પછી નાશજ થવો ઘટે છે.

જેથી એવા ગ્રહસ્થોનેજ ધીરજથી શોધી કાડવા એજ ઉત્તમ નીતી છે અને તેમાં ધર્મ પણ જળવાશે, તથા ઇશ્વર મદદ કરશે. 'હીમ્મતેમર્દા, તો મદદે ખુદા' એવો નીશ્ચય કરી કોટીધ્વજ, પણ મહા લોભી એક ઝવેરી બાબુની બડી દુકાન પર બે નોકરો સાથે ભરપુર રૂવાબથી ચઢી ગયો. નુતન તરૂણ અને તેજસ્વી મહાન વેપારીને પોતાને પાટીએ ઉભેલો જોઇને બાબુ શાહેબ ખુશ મીજાજમાં આવી ગયા. પહેલા પહોરે બ્હોણી વખતે સુપાત્ર ઘરાકના પવીત્ર ચર્ણોનો પાડ માનીને બાબુએ તેને પોતા પાશે બેસાર્યો, અને આગતા સ્વાગતા સાથે પ્રસ્ન કર્યો કે, 'કહીયે શેઠજી શી ઇચ્છા છે? આપને અનુકુલ સર્વ ઝવેરી વસ્તુનો સંગ્રહ દાસની દુકાનમાંથી મળી શકવા અડચણ નહીં આવે.

બાબુના ગંભીરતા ભરેલા, પણ લોભ યુક્ત સ્વાર્થ સંબંધના ખુશામતી વચનોના ઘણા સાદર સાથે સત્કાર કરતાં સંતોષથી ચતુરસીંહ બોલ્યો કે, બાબુજી! પીતુ આજ્ઞાથી જે બોલતા લાજ આવે એવા મહા સુકાર્ય સારૂ રૂપીઆ પાંચ લાખનું જવાહીર ખરીદવા

આવ્યો છું. લગ્નો પ્રસંગે શીશી ચીજો અને કેટલી કીંમતની જોઇયે, તેની એક યાદ સાથે મને મારા બાપુને બતાવવા દેવો જોઇયે. દેખીતો લાખનો લાભ જોઇને લોભી બાપુ લલચાણા. કાગળના એક આખા તાવ ઉપર પોતાના હાથથી ભરતીયું તૈયાર કર્યું અને તે પ્રમાણે રૂપયા ૭ લાખની કીમ્મતનો માલ નવા ઘરાકના કાબુમાં આપ્યો.

એમાંના એક નોકરને ત્યાં બેસાડી બીજા નોકર પાશે માલ ઉપડાવીને તેવાજ ગુણવાળા એક કાપડીયાની દુકાનપર ગયો ત્યાં પણ તેવોજ પ્રપંચ કરી બીજા નોકરને ત્યાં બેસાડી રસ્તે જતા માલનના નોકરને હેલકરી તરીકે સંકેતથી સમજાવી બોલાવીને તેણી પર માલ ચઢાવીને મુછના બાળ વાળતો અને છાતી ઠોકતો ચાલતો થયો. ખરૂં છે કે લોભનો થોભ નથી. લોભે લક્ષણ જાય.

અહીં દુકાનો પર વાટ જોતાં જોતાં નીયમથી વધારે વખત પ્રસાર થઈ ગયો તેથી ચીંતાક્રાંત થયેલા પેલા શેઠોએ નોકરોથી તપાસ ચલાવી પરંતુ તેઓએ ઉતર આપ્યો કે, અમો આજજ રહેલા નવા નોકરો છીયે. શેઠજીના ઘરબાર કશુ જાણતા નથી. માલ. ધણીઓએ ઉભય નોકરોને સમજાવી પટાવી સાથે લઈ (પોલીશ ફોજદાર) સામે લઈ જઇને ઉભા કર્યા. તપાશ કરતાં મજુરો નિર્દોષ ઠરવાથી તેઓને છોડી મુકતાં ચોરની તપાસનો દીલાસો આપી ઉભય વેપારીઓને ફોજદારે રવાના કર્યા. જેઓ ચોરની માની પ્રેઠે ચુપ બેશી રહ્યાં. લુચ્ચા ઠગે વેપારીઓને અને વેપારીઓ ઠગે ગામને, એતો આ દુન્યામાં આપણો ખુલ્લે ખુલ્લી રીતે જોઇએ છે. અને એમાં કંઈ નવાઇ જેવું નથી.

વાર્તા ચોથી.

હજુરમાં ચોરી.

તે દીવસે રાતના ચતુરસીંહે રાજવાડો જોવા પોતાની ઇચ્છા વૃદ્ધ માલણને જણાવી. તે સાંભળી ભયથી બુઢી બોલી કે, 'બેટા આકાશના ફુલની પેઠે તારી આ ઇચ્છા છે.'

જયાં મારા વગર પરસ્ત્રીનો પણ પ્રવેશ નથી, ત્યાં તને લઇ જતાં મારી અને તારી શી દશા થાય બેટા? તેનો તે કાંઇ વીચાર કર્યો છે?

મા કંઇ પણ નહીં,' પર સ્ત્રીને જો કે હુકમ નથી, તોપણ તને લગતી તારી સાથેની સ્ત્રીને ત્યાં લઈ જતાં કોઈ પણ હરકત કરી શકે નહીં. જો હું સ્ત્રીને રૂપે તારી સાથે આવું, અને તારી ભાણેજ તરીકે મ્હેલ જોવાના મયથી મને તું અંદર લઈ જાયતો, તેમાં તને ડખલ પહોંચાડવા તત્પર થઇને કોઇ પણ આડી લાકડી કરશે નહી. એતો નક્કીજ છે. છોકરાની એ સલાહ ડોશીને હૈયે જડાઈ ગઇ. તેણી તેને એવાજ પ્રપંચથી સહવારના સાથે તેડી જવા કબુલ થઇ માસી ભાણેજ શાંતથી સુખ દેવીને આધીન થઈ ગયા.

બીજે દીવશે પોહ ફાટતાં ઉઠીને ઠરાવ પ્રમાણે ચતુરસીંહે એક તરૂણ સ્ત્રીનો વેષ ધારણ કરીને માલણનો હાથ પકડી બીજા હાથમાં ફુલ ચાબડી પકડી રાજવાડા તરફ રવાના થયાં. મહેલના દરવાજા આગળ આવીને ચોકીદારને સમજાવીને અંદર દાખલ થઈ ગયા.

રાણીજીના પુછવાથી પણ માલણે ઉપર પ્રમાણે જવાબ આપ્યો જેથી રાજી થઇ રાણીજીએ સર્વ મહેલ ફેરવીને નવી છોકરીને દેખા-

ડયો તમામ રસ્તા ધ્યાનમાં લઇ માલણુ સાથે માલતાં નવા બાઇ પાછાં મુકામે આવ્યાં. હવે ભાઇજી કેવા તડાકા સાથે રાજાને ભડાકો બતાવે છે.

તે દીવશે રાત થયા બાદ ગામમાં સોપો પડવા પછી ખીલાઓની એક થેલી અને હથોડી સાથે પાછા ભાઇબંધ રાજમહેલ આગળ પહોં-ચ્યા. ત્યાં એક ખુણામાં ભરાઈ બેઠા. જ્યારે જ્યારે ઘડીયાળના ઠોકા પડે ત્યારે તેની ગડબડાટમાં ખીલા ઠોકી દે એવી રીતે છેક ઉપરસુધી ખીલા ઓની એક જેવી, સીડીજ બનાવી દીધી. તે રસ્તેથી ઉપર ચઢીને કેટલુક જવાહીર હાથ કર્યું પણ તે બાબત-રાજાના જાણુવામાં મોડી આવે તેથી રાજા રાણી જે ઠેકાણે સુતા હતાં ત્યાં જઇને રાજાના હાથની પહોંચી તથા રાણીના ગળામાનો રત્ન જડીત એકાવન હાર કાઢી લીધો, બાદ પાછો ઉતરીને ઠેકાણે જઇ પોઢી રહયો.

સવારે ઉઠી રાજા જુવેછે તો પોતાના હાથમાં પહોંચી નથી; એટલામાં રાણીનો હાર ગયાના સમાચાર પણ સાંભળ્યા. તેવામાં કેટલુંએક જવાહીર ચોરી જવાની બુમ પડી. તે સાંભળી રાજા ચોંકી ગયો.

આ બાબત કેમ બની? તેનો તપાશ કરવા પ્રધાનજીને આજ્ઞા આપી રાજા નીત્ય નીયમનું સાર કરવા પોતાના બીજા ભુવનમાં ગયા.

વા-ર્તા પાંચમી.

કોટવાલની કમ્બખ્તી.

પોતાના કાર્યથી પરવારી ચોરની રાહ જોતા રાજ શાર્દુલ વીર વીક્રમ સભાસ્થાને મધ્ય સીહાસનારૂઢ થયો. વાટ જોતાં જોતાં આખો દીવસ થયો. ત્યારે પ્રધાન અને કોટવાળે આવી ચોર ન મળ્યાની બાતમી આપી તેથી આચર્ય પામી રાજાએ ચોરને પકડવા બીડું કાઢયું. જેને કોટવાલ સાહેબે પોતાનું પરાક્રમ દેખાડવા પ્રેમથી ઝડપ્યું. ગામમાં રાતના અગ્યાર કલાક પછી કોઇ ફરે નહી એવો ઢંઢેરો પીટાવીને ગલી ગલી, નાકે નાકાં તથા રસ્તે રસ્તામાં પુરતો પોલીશનો જાપતો રાખી ઘોડેસ્વારીથી ખુદ કોટવાલ સાહેબ પોતે એકલોજ ફરતો રહયો.

અહીં રાજ બીજ ચતુરસીંહે આજે કોટવાલને ફસાવવા મસલત કરીને રાત્રે એક મનહર સુંદરીનો શણગાર શજી હાથમાં પુજાનો શામાન લઇને દેવી પુજવાને નીમીત્તે રાતના બાર વાગે બહાર પડયો.

એકાંત ગલીને રસ્તે રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરને ઝમાકવતી કઈ રૂપવંતી ગુણસુંદરી આવેછે. એવો વીચાર નુપુરના અવાજથી કોટવાલ કાકાને આવ્યો. તેથી પોતાનો અશ્વ પાછો ફેરવીને મનહરણી રમણી તરફ વળ્યો, છેક લગભગ આવીને, પોલીશ ચોકસી ચલાવવા લાગ્યો, પણ બાઇજીએ બહુ ધીરજથી ઝીણે સ્વરે ઉત્તર આપ્યો, હું નગર શેઠની દીકરીછું અને દેવીનુ વ્રત હોવાથી પુંજા કરવા જાઉંછું, જો કે કોટવાલે બહુએ પોલીશપણું વાપર્યુ; પણ આના કટાક્ષ તથા હાવભાવ આગળ કશું પણ ચાલ્યું નહીં, છતાં ઉલટા તેણીના પ્રેમને વશ થાવું પડયું. અને

પ્રેમની ને પ્રેમની વાતોમાં છેક ચાવડી સુધી આવી પહોંચ્યા. કામાંધ-પણેથી પાપવાસના વાળા ફોજદારે થાણાના સરવ સીપાઇ નાયક, હવાલદાર તથા જમાદાર વગેરેને જ્યાં ત્યાં રોનો ફરવા રવાના કરી આપ્યા. હવે એકાતમાં ઉભય એકલાંજ રહ્યાં, હવે જોઇ લે જો કે કોટલાલની કોટવાલીની શી દશા થાય છે. કોટવાલ પણ જાણશે કે મારાં માથાનો એક ઠગ મળ્યો હતો.

એક હાથ છેટે રહીને વેષધારી ઠગણીએ, કોટવાલને પાણી પાણી બનાવી દીધો. ખુબ રંગમાં મીલાવીને પાસે પડેલી બેડી તરફ નજર કરતાં ઠગનીજી ધીરેથી મંજુલ સ્વરે કહયું કે, વારૂ સા-હેબ આ શું છે?

કોટવાલ—એને બેડી કહેછે. ન માનનારા ચોરના પગ તેમાં ઠસાવી મારવાથી ત્યારેજ ખરો ગુન્હો કબુલ કરે છે.

ઠગની—વારૂ!! તેમાં કેમ પગ પડે? તે જરા મારો ગોઠવીને મને બતાવોની. કે તેમ કરતા કેટલી વેદના થાય છે.

કોટવાલ—ઘેલાં થયાં કે શું? તમારા કોમળ પગને એટલી તસ્દી દેવાય? પગમાં બેડી પડતાજ પગ સુઝી બાંગું જેવો જાડો થઇ જશે.

ઠગની—પોતાના અનુભવને વાસ્તે થોડું ઘણું દુઃખ ભોગવવું પડે તો શી હરકત છે? એવો અનુભવ મળવાથી આગળ જતા મને લાભ થશે!

કોટવાલ—છટ, છટ નોન્સન. એમ કદી પણ ન બને. કમળ જેવા તમારા ચરણને કાષ્ટ બંધનનું દુઃખ દેખાડી અનુભવ કરાવવા કરતા હું પોતાનાજ શરીરથી અનુભવ કરાવી આપુ તો કેમ?

ઠગની—અરે, રામરામ ! ! ! તમારા જેવા મોટી ઉમરના હાકેમ હલકા કાર્યમાં જોડાય ? મારે માટે કશી હરકત નહીં.

કોટવાલ—વાહ !!! નગર શેઠની કુંવરી આપજેવીઓના ચર્ણાવીંદને વગર અપરાધે બેડીમાં ફસાવવા મારા જેવા અમલદારને શોભે ? જુવો હું તમને દેખાડું. એમ કોટવાલે પોતાના બે પગ બેડીમાં ગોઠવી તેને તાળું કેમ મારવું, તે પણ પોતાની પ્રેમીલાને શીખવ્યું, તે પ્રમાણે ઠગની બાઇએ તુર્ત અમલ કરીને મનમાંને મનમાં કોટવાલની ચતુરાઇ માટે હસવા લાગ્યો.

તાળુ દઇ ચાવી ખીસામાં મુકીને કોટવાળનો કાન ઉમેરીને કહ્યું કે મુર્ખા જે ચોરને પકડવા બીડું ઝડપ્યું હતું તેનું સામર્થ્ય તો જો.'

તેજ ચોર, અને ચતુરસિંહ નામનું નામ ધારણ કરી સર્વેને ઠગનાર પોતે છે. હવે ઓળખ્યો ! રાંડના કોટવાલી કરતાં ભુલી જવાનો !

ઉપલા શબ્દો સાંભળતાંજ કોટવાલ કાયરપણેથી ખેદાશ્ચર્યમાં પડયો. અને બાઇ સાહેબ ગુલ થઇ ઠેકાણે પહોંચી ગયાં.

પ્રાતઃકાળે ચોકીવાનોએ આવી સ્થીતીમાં કોટવાળને જોઇને કકળાણ કર્યું. જેથી આખા ગામમા હાંસી થઈ. છેક હુજુરમાં વાત પહોંચી. તેથી રાજા તો ખડખડ હસી પડયો. અને ફરીવાર બીડું તૈયાર કર્યું. તે એક ધુર્ત વેશ્યાએ સ્વીકાર્યું.

વાર્ત્તા છઠ્ઠી.

વેશ્યાને ઠગી.

કસબણે બીડું ઝીલ્યાની વાત માલણે ચતુરને વીદીત કરી માલણની વાત પરથી ઠગરાજે હવે વેશ્યાને વશ કરવાનો ઢંગે ઠરાવ કર્યો. સમય સુચક રાજનર ચતુરસિંહ ચપળતાથી ઉઠયો; અને એકદમ બહાર પડયો. હયબજારમાં જઇ તેણે એક સારો ઘોડો ખરીદ કરીને ઉત્તમ સામાન સાથે સજ્જ કરેલા વારીની ઉપર સ્વાર થઇ પુર ભપકાથી ઘોડાને કુદાવતો નાજણીના મુકામ આગળ આવી પહોંચ્યો. ગંભિર મુદ્રાથી ઉંડા વિચારના ડોલમાં ઉભા રાખેલા અશ્વને નચાવતો રામજણીની બારી સામે નજર ફેંકી જોતો રહ્યો. બારીમાં બેસી પાનની નસો ખેંચતી કસબણે કોઇ નવીન લાલને રંગતમાં રમતા જોયો. જેથી તેણીના મનમાં પોતાના ઉદ્યોગને લગતા વિચિત્ર વીચારો આરૂઢ થયા. હવે તેણીએ પણ બારીમાંથી નવા યજમાન સામે નજરને ફેંકી.

એઉની એક દ્રષ્ટી થઈ કે, ચતુરે ચટ સાનથી સમજાવી દીધી કે તુર્ત તેણી નીચે ઉતરી સામી આવી. હાથ જોડી નમૃતાથી બોલી કે અહો રંગી ! પધારો. આપનો મનનો મનોરથ સફલ કરીશ. ધુર્તરાજે ઉત્તર વાળ્યો કે, હે જગ્ત પ્રીયા !! તમારૂ શુભ થાઓ. હું દુર દેશાવરનો એક પ્રખ્યાત સોદાગર છું તે ફક્ત કંઇ દીવસ આ નગરીના દર્શનની ઇચ્છાથી આવ્યોછું. તો અમુક મુદત વાસ કરવાને સારૂં સુરક્ષીત મુકામ શોધુ છું. એટલુંજ, માત્ર તસ્દી માફ કરજો. વાહજી શેઠજી !!! હું ફીંકરી જાતછું મને તસ્દી શી ? આપ

માફ કરીએ અને મારી એક વીનંતી સુણીએ, મારી પાસે બહુ જગા છે; અને હું માનુંછું કે તે આપના લાયક છે તેથી, જરૂર આપ તેને સ્વીકારશો. પછી મરજી આપની અરજી મારી છે. વારૂ જો એમ છે તો બીજું શું જોઇયે ? ભાવતું તું ને વેદે કહ્યું. એમ બોલતા ચતુર ઘોડેથી નીચે ઉતર્યો. વેશ્યા ઘોડો પોતાના ભોંયને તાબે કરી; હાથ પકડીને નવા પરોણાને અંદર લઇ ગઇ.

પોતાથી બનતી આગતા સ્વાગતા કરી પરોણાને શાંત કર્યો. બાદ કશું ખાવા વિષે વેશ્યાએ પુછતાં ભાઈએ જણાવ્યું કે, હું ફરાળ સીવાય કશું ખાતો નથી. તે હું જાતે જઇને લઇ આવુંછું. એમ કહી જાતે લેવા ગયો. તે પોતે ઠગજ. પછી પુછવું શું ? મરજી પ્રમાણે કૃત્તિમ કરી તુર્ત પાછો મરડયો. ઉતારામાં આવી ઉભય ફરાળ કરવા બેઠાં. કેફી વસ્તુની ઉત્તમ મીઠાઇ વેશ્યાના મુખ આગળ મુકી. અજાણે તેણીએ તે પ્રેમથી ખાધી અને બંદા પણ તૈયાર થયા બાદ સુવાનો વખત થવાથી એક પલંગ પર બેઉ સુખથી સુઇ ગયાં. કેફના આ ઘેનથી દસબાર બેભાન બનીજઇને નિંદ્રામાં વશ થઈ ગઇ, કે બંદાએ ઉઠી રાંડના ખીસામાંથી ચાવી ઝુડો કાઢી તેણીના દાગીનાની નાની નાજુકસંદુક ચટ દઇને ખોલી નાંખીઃ તેમાંના માલનું પોટલું બાંધીને છ; પાંચ ગણી જઇને ચતુરસીંહ માલણ પુરમાં નીરાંતે સુઇ સુતો.

સવારમાં ઉઠીને વેશ્યા પ્રીતમને પાસમાં ન જોવાથી સાવધ થઇ ઉઠી. આમ તેમ જોવાથી જુવાન ન જણાયો ત્યારે તબેલા તરફ નજર ફેંકી ઘોડો બાંધેલો જોઇને ઘડીમાં આવશે એવી ધારણાથી નીત કર્મમાં વળગી ગઈ. સવ્વા એક પ્રહરમાં સર્વ દેહકાર્યથી

નીવૃતી પામીને આંખ માથુ કરવા દાશી પાસે સંદુક માગી. દાસી સંદુક લેવા ગઈ તો તે ઉઘાડી પડેલી દીઠી. અંદર કશો પણ માલ ન જણાવાથી દાસીએ હેબતાઇ જઈ ચીસ પાડી તે સાંભળી શેઠાણી દોડી ગઇ અને સર્વે હકીકત સાંભળીને ખેદાશ્ચર્ય યુક્ત થઇ દીલગીરીથી તે હકીકત જઇને રાજાને જણાવી. જેનાથી આશ્ચર્ય પામી ગુસ્સાથી જાતેજ ચોર પકડવા રાજાજીએ નિશ્ચય કરયો.

વારતા ૭ મી.

રા અને ઠગ.

બીજે દીવસે પ્રાતઃકાળે વીક્રમે ઉઠીને ઢંઢેરો પીટાવ્યો કે, આજ અમારૂં મુકામ ઢેડીવડની નીચે થશે. તે વખતે ઉજ્જન નગરીના નામચિંદ ચોરે મારો હુકકો, હાથપેટી તથા પહેરેલી સુરવાળ ચોરી લઇ જવાં. ઉપલા ઢંઢેરાથી આખાં શહેરને જાણીતું કરવામાં આવ્યું. પછી પોતાનો તંબુ શહેરથી બાર કોશને "ઢેડીવડ" કરીને જુનું વડલાનું મોટું ઝાડ હતું તેની નીચે ઠોકાવ્યો. રાતના એક એક પહેરેગીરોને પકકી તાકીદ આપી વીક્રમ પ્રભુ પોતે બેપરવાથી નીદ્રાધીન થયા.

હવે અહીં વીક્રરેલા ચતુરે ઉપલી ચોરી કરવાનો નીશ્ચય કર્યો. રાત્રીના એકાદ વાગાને સુમારે માલણનું ઘર છોડી તે રાજસીંહનંદ શીકારે નીકળ્યો. રસ્તે ચાલતાં વડલાની એક મજબુત વેલ પગ નીચે આવી; તેને ઉપાડી આગળ ચાલતાં એક "ગર્દભ" ચરતો જોયો.

તુર્ત તેના ગળામાં વેલો નાંખી તેને કબજે કર્યો, પછી ઉપર સ્વાર થઈ તે મુકામનો માર્ગ પકડયો. અંતે પેલા ઢેડી વડની જોડેના બીજા વડ આગળ જઇ તે ગધેડાને ઉભું રાખ્યું અને પોતે વડની મુળી સાથે પેલો વેલો, જે ગધેડાની કોટે બાંધ્યો, હતો તે બાંધ્યો, કારણ તે વેલો લાંબો અને મજબુત હતો. પછી તે મુળીપર જઇ આ ડાળેથી તે ડાળે એમ વારા ફરતો ચઢી છેવટ પેલા ગંજાવર વડપર જઈ તંબુના મથાળા આગળ પોતાની સાથે આણેલા ચાકુથી એક મોટો ચીરો પાડયો. અને તે તંબુના વચલા થાંભલાપરથી બીજા થાંભલે થઈ નીચે ઉતર્યો, અને રાજાના પલંગ તળે ભરાઈ ગયો. થોડી વારે રાજાને ભર ઉંઘમાં પડેલો જાણી હુક્કો તથા પેટી જે ત્યાં આગળ પડી હતી તે લેવાનો લાગ તો મળ્યો પણ હવે સુરવાળ શી રીતે કઢાવી તે બાબત વિચાર કરવા લાગ્યો, તુરતજ સમય સુચકતા વાપરી પલંગની પાસે પડેલો પાણીનો લોટો લઇ તેમાંથી પુષ્કળ પાણી રાજાના પગ આગળ પાંગેટે રેડયું, અને પલંગ તળે ચુપકીથી ભરાઇ રહયો. એટલામાં રાજાને ટાઢું ટાઢું લાગવાથી આંખો ચોળતો પલંગપર બેઠો થયો. તથા સુરવાળ ભીંજાઈ ગયેલો જાણી કાઢી નાખ્યો. એટલુંજ નહિ પણ તેને નજીકમાં બાંધેલી દોરીપર સુકવવા નાંખ્યો, અને પડોશમાં પડેલું પંચીયું પહેરી લઇને સુઇ ગયો. ભર ઉંઘમાંથી તે જાગેલો હતો તેથી નિદ્રા દેવીએ પાછો તેને ઘેરી લીધો જેથી તે ઘસઘસાટ ઉંઘમાં પડયો. આથી ઠગસેનને અચ્છો લાગ મળ્યો અને પોતાની પીઠપર હુકો પેટી બાંધી, સુરવાળ કેડે વીંટાળી વચલે થાંભલે થઈ ઉપર ચઢી આવ્યો. પછી જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તેથી પાછો જઇ મુળીપરથી ઉતરી પડયો, અને

મુળી સાથે બાંધેલા વેલાને છોડી નાખી ગધેડાપર બેશી એકદમ ખચખચ અને કંદો મારતો મારતો કુદાવતો કુદાવતો આગળ નીકળી આવ્યો, તથા શેહેરમાં પેસવાની વખત થઈ ત્યારે વેલો છોડી ગટરમાં નાંખી દીધો. તેમજ ગધેડાને હાંકી દઇ સ્વસ્થ ચિત્તે ઘેર જઈ સુતો.

અહીં રાજાજી સવારમાં ઉઠીને જુવે છે, તો ત્રણેમાંની એ કે ચીજ મળે નહિ ઉપર જોતાં તંબુ ફાટેલો જોયો. પહેરેગીરોને પુછતાં બરાબર ચોકી વિષે ખાત્રી થઇ. હવે કેમ થયું? તે બાબતનો તપાસ કરવા પગીઓને બોલાવ્યા પગ જોતાં ગધેડાનો પગ મળ્યો. તે પગને પકડી ચાલતાં શહેરની ભાગોળ સુધી જણાયો, અને ત્યાંથી પાછો ફરી ગયો. તે જોતા તે પગ જંગલ તરફ ફરયો જંગલમાં જઇને જોતાં, ચરતો એક ગર્દભ સિવાય બીજું કંઇપણ જણાયું મહિ. લાચારીથી સર્વે તપાસકો પાછા ફર્યા. રાજા નિરાશ થયો. બીજા દિવસે પક્કા બંધોબસ્તથી પકડવા નિશ્ચય કર્યો અને મોતી ચોકની દેવડી પરનો "રત્નહાર" ચોરવા ડોંડી પીટવી.

વાર્તા ૮ મી.

બોબડાને બાંધી માર્યો.

બીજે દીવસે વિક્રમને કંઈ કચેરી સંબંધના કાર્યમાં રેકાણ થવાથી મોતી ચોકની દેવડીપરના રત્નહારની ચોરી કરવા બાબત આવતા બીજા દિવસ ઉપર મુળતવી છોડી આપી.

હવે આજે આપણે શું કરવું? રાજાજીએ કાલ ઉપર વાત રાખી છે. તો આજે આપણે કોઇ ત્રીજોજ શિકાર મારવો જોઇયે. માલણ ઘણા દિવસથી રેશમી વસ્ત્રોની ઇચ્છા કરે છે. તેથી આજરોજ રંગારાના બજાર જોવા જોઇયે.

જોઉં તો ખરો કે કોઈ માલે તુ જાર મળે છે કે કોઇ ગામનો માલ ખાંઉ મળે છે જે હાથમાં આવે તેનો ટાલ્લો રંગવાં વગરનો પાછો ફરવાનો નથી તોજ!

એમ વિચારી ચતુરસિંહ સિધો બજાર તરફ ચલ્યો. એક મોટા શંકરના દેવળ નજીક, બોબડા નામનો ખખ્ખો મિત્રને જોતાંજ, ચટપટો થઇ ગયો. ઇર્ષાખોરના સ્વભાવથી તેણે નાણા ધીરનાર મિત્રની સાથે પ્રપંચથી બોલવા લાગ્યો. પ્રપંચી બોલવા માટે મિત્રે ઠપકો આપવાથી મિત્રનો તેણે તિરસ્કાર કર્યો. આવા દુર્લક્ષણ તથા સ્વાર્થ પરાયણના અને દોસ્ત સાથે દુષ્મનતાઇથી વર્તનાર, બોબડાને ચતુરે, ઠામે બેસારવા નક્કી કર્યું.

દુકાન પર જઇ ચતુરે ચતુરાઇથી કહ્યું શેઠજી હું પરદેશથી આવ્યો છું, મારો દેશ કચ્છ ભુજ છે, તમારા બોલવા તથ રીતભાત

પરથી જણાય છે કે, તમો પણ કોઈ મારા દેશ નજીકના, મને લાગત જેવા લાગો છો. સાહેબ હુ જાતનો ક્ષેત્રી છું.

સારો ગ્રહસ્થ અને સ્વદેશની નજીકનો જાણીને રંગારે તેને માન આંપતાં પુછ્યું કે, વેઓ શેડે વેઓ, આંકે કુરો ખપે ? આંઉ પણ જાતજો ખત્રી રંગારો અઇયાં બહુકદા અઇયું. જુધા નાઇઆ ? ?

તાલ જામ્યો જાણી ચતુરે જવાબ વાળ્યો કે, બાયો કીંન, મુકે જરા દારૂ પીનેજી ટેવ આય, તેલા પાઠો વનાંઇધાત ઠીક ડીંધો, તૈયાર અઇયાં હલો એમ, કહી તેને લઇને તુર્ત પોતે પોતાના સ્વાર્થ સારૂ સાથે લઈ ચાલ્યો. એક નજીકના મોટા પીઠામાં પેઠા ત્યાં રંગારાનું જાથુનું ખાતું ચાલું હતું તેથી તેણે જઇ તુર્ત એક બાટલી બ્રાન્ડીનો આરડર આપ્યો પરંતુ પીઠું ગામઠી દારૂનું હોવાથી બ્રાન્ડીને બદલે રમ મળ્યો જેને બેઉ જણ પ્રેમથી પીવા બેઠા, ત્યાંજ હોટલ હોવાથી ખત્રીઓને લગતુ ખાવાનું પણ મળી ગયું; બોબડો રંગારો ખાનાર પીનાર હોવાથી તેને તો ઘી કેળાં થયાં. સ્વાર્થપટુ ચતુરે પણ તેને ગ્લાસ પર ગ્લાસ ભરી દેવા માંડયાં. જેથી તે નીશામાં લેહ લુહર થઇ ગયો. તેની ઇચ્છાથી એક બાટલી સાથે ચતુર તેને એક વેશ્યાને ત્યાં લઇ ગયો. તેને ત્યાં બેસારી વેશ્યાને એક બાજુ લઇ જઇ ચતુરે બોબડાની તારીફ સાથે તેની ઘણીજ બડાઇ કરી, તથા પોતે તેનો ગુમાસ્તો છે, એમ સમજાવ્યું. જેનો ગુમાસ્તા આવો ચાલાક ચતુર અંને ચંચલછે તેનો શેઠ કેવો સમર્થ હોવા જોઇએ? એમ ધારીને રંડી લલચાણી, તેણીએ કબાટ ઉઘાડી અત્તર ગુલાબ સારૂ બે રપીઆ ચતુરસિંહના હાથમાં આપી દારૂ પીવાની ઉતાવળથી ઝટ શેઠજી પાસે આવી બેઠી. ચતુરે એક રૂપીઓ નોકરને અત્તર ગુલાબને બ્હાને આપી રવાના કરી આપ્યો,

તથા અંદરથી કમાડ ઠસાવીને રાંડને શિખવ્યા પ્રમાણે કેટલાક રેશમી લુંગડાની માગણી શેઠ પાસે કરાવી નીશાથી કામાંધ થયેલા બોબડાએ તુર્ત રૂપીઆ દશ હજારની કીમ્મતના કપડાની સહી સાથની ચીઠી લખી આપી બાદ રાતરે રાંડને દારૂ પાવા શરૂ કર્યો. તેણી પણ નીશામાં ગેહશુરથઇ ગઇ ત્યાં સુધી ખુબપાયો જ્યારે રાંડ અને શેઠએઉ બેશુદ્ધ બન્યા,ત્યારે ચતુરસીંહ રાંડના કબાટનું જવાહીર તથા રોકડ લઇને, બોબડાની દુકાને ગયો. ચીઠી આપી ચીઠી પ્રમાણે માલ હવાલે કરીને હાલતો થયો, તે માલણને ત્યાં આવીને સુખે સુતો, વેશયાના નોકરને એક રૂપીઓ મળ્યો હતો, તેથી તે પણ દારૂ પી ખાઇને પોતાને ઘેર જઇ અમલમાં ઊંઘાઇ ગયો.

અહીં સવારે રાંડ ઉઠી, અને જુવેછે તો, શેઠ સુતા છે અને વાણોતર નથી, તથા પોતાનો નોકર પણ નથી, બેઉ બહાર ન્હાવા વગેરે ગયા હશે, એમ ધારીને તેણી પણ દહીક કર્મમા જોડાણી, તેમાંથી નવરી થઈ, તેટલામાં તેણીનો નોકર પણ આવી ચઢયો. શેઠના મુનીમ વિશે પૂછતાં નોકરે કહ્યું કે, રાતની મને કશી ખબર નથી, એવો જવાબ વાળ્યો. નાહી ધોઇ તૈયાર થઇ અને ફરી બની ઠની તૈયાર થવા સારૂં કબાટ પાસે જતાં રાંડે તે ઉઘાડું દીઠું, અંદર જુવે છે તો કશો માલ નથી, જેથી શેઠની સલ્લાહથી મુનીમ પસાર કરી ગયો, એવો વિચાર આવવાથી શેઠને સોનેરી ટોલાવાલો જાણી પોલીસને બોલાવવા નોકરને મોકલ્યો, પોલીસ આવતાંજ બોબડાને સુતેલોજ સોંપી દીધો. પોલીસે તેને જગાડી ચાવડી પર લઈ ચાલી, પોલીસ હવાલદારે બોબડાને કોટવાલની સામે ઉભો કર્યો. પોલીસ ચોકસીમાં ગભરાટથી બોબડો કશુ બોલી શકયો નહી, ઊલટો આબરૂના બચાવ સારૂ ગીચારમાં નીચી મુંડ કરી ઉભો રહો, આરોપી

તરફથી બચાવનો જવાબ ન મળવાથી કોટવાલે તેને તકસીરવાન ઠરાવ્યો, એટલામાં ગામમાં ગડબડ થવાથી ગામના લોકો જોવા મળ્યા હતા. તેમાંથી તેના પડોશી બોલ્યા કે એ માણસ મિત્ર દ્રોહી તથા ઘણોજ અદેખો છે, જેનું લેય છે, તેને આપતો નથી. બડો દેવાળીઓ છે ત્રણ વખત દીવાળુંતો કાઢી ચુકો છે. ખાય છે તેનુંજ ફોડે છે દારૂબાજ, રીડીબાજ, ચોર, જુગારી, દેવાળીઓ અદેખો, અને મીત્ર વેરી એવાં એના વીશેષ નાંમો છે લોકોના અપવાદથી તથા રાતના ગુન્હાથી તેનેજ ચોર અને તકસીરવાર ઠરાવીને વધુ તપાસની પંચાતમાં ન પડતાં પચીસ ફટકાનો હુકમ આપીને કોટવાલે તુર્ત ચાંવડી પર તેને બાંધી મરાવ્યા. આકામ પણ ઠગ ચોરનુંજ છે, એમ વિક્રમે મનમાં ખાત્રી કરી આવતી કાલ પર હારની ચોરીનો નિશ્ચય કર્યો.

ફટકા ખાનાર બોવડાને જોઈ લોકો હુંડે હુંડે કરવા લાગ્યા કે કેમ બોબડજી! ફટકાનો સ્વાદ ચાખ્યો! ગાંડપર પડયા કે પીઠ ઉપર પડયા! શીરો ખાંજો શીરો! જો જો ફરીને બીજાને ફસાવશોમાં નહીં તો ફરીને ફટકા પર ફટકા ખાવા પડે નહીં હોકે! હરામખાઉના હાલ કેવા થાય છે તે જોયાકે લે રે બોબડા રેવડી! ચણાકી દાલ મસાલેદાર ભજીયા! ગરમાગરમ મસાલેદાર રંગનો પ્યાલો!

વારતા ૯ મી.

માથાં વગરનો ચોર

રાજા પોતે ઠગાવાથી વધુ વિસ્મેત થયો. અને આજે રાત્રીએ સર્વ માણસો સાથે કોટવાલને મજબુત ચોકી પહેરામાં રોકી પોતે ફક્ત પ્રધાનને સાથે લઇ રોનમાં ફરવા નીશ્ચય કર્યો, ઉપલો ઠરાવ રાતે અમલ માં આવશે એવા ખબર માલણે ઠગસેનને આપ્યા. ચતુરે આજે જુદીજ પ્રયુંક્તી શોધી કાઢી, તેણે લુહારને ત્યાં જઇને ઘણાજ ઉત્તમ લોખંડનો પેચવાળો સરસ ગણેશીઓ અને એક ચાંચવો તૈયાર કરાવી આણ્યા. રાત થતાં સમા નામના માલણનો એકુલનો એક છોકરો હતો તેને ખાધે ચોરીનાં હથીયાર મુકી સાથે લઈ રાજ મહેલ તરફ પરવર્યો, પાછલા કોટની ભીતની છુપી વાટે તેઓ અંદર કિલ્લામાં દાખલ થયા અને યુકિતથી અંધારે કાળે વેશે કિલ્લા પર ચડીને એક બાજુ છુપી બેઠા, જ્યારે જોગ જોયો, ત્યારે રાજાના સુવાના બંગલામાં ગણેશીઓ ભરાવાને મોટું બાકુ પાડી માંહી પેઠા, અંદર જઇને રત્નદાર અને ઝવેરાત ઉચાપત કરીને ઠગ ચાલાકીથી ચટ બહાર નીકળી આવ્યો. પણ ભોટ સમો નવો હોવાથી અને રાજ મહેલમાં ભરાયાથી થર થરી કાપવા લાગો અને તેથી તે એક પેટી સાથે અફળાઇ પડયો. ખડખડાટથી પહેરેગીરો જાગીને ગડબડ મચાવી મુકી. અવાજ તરફ આવી પેહોચ્યા. તો તેઓને કોઇ માણસના પગ જોવામાં આવ્યા, તે જોઇ ચતુર ઠગે સમાનું માથું કાપી લઈ ચાલતો થયો. સીપાઇઓએ નીચેથી પગને પકડી ચોર ચોર કરી ખુબ નાચવા

લાગા. અને ઉમંગમાં આવીને તેને ઉભોને ઉભો પોતા તરફ નીચે ખેંચી લીધો તો માથા વગરનો ચોર પકડાયો જેથી બધા અજબ થઈ કોટવાલને ખબર આપી, તેણે ત્યાં આવીને તે બાબે ખુબ વીચાર ચલાવ્યો પણ તે વ્યર્થ. છતા તેણે રાજાજીને જણાવ્યું કે, ચોર પકડાયો છે. રાજાએ હશીને કહ્યું કે, ચોર માથા વગર આવ્યો ત્યારે માથું કોણે કાપ્યું અને કયાં ગયું ! જેથી તે વગર બધુ ફોક છે. ચોર ચાલાક છે, ધડ કોનુ છે તે તપાસો, રાજ હુકમથી ઘણી તપાસ કરતાં પતો નજ લાગ્યો ત્યારે ચોર જો હુશિયાર હોય તો ધડ ઉપર માથું ગોઠવી જાય, એવી દાંડી પીટાવીને તે દિવસ મુલતવી રાખ્યો.

વાર્તા ૧૦ મી.

માથું કાપનાર માથું મુકી જશે.

બીજે દિવસે ત્રીજા પહેર સુધી ઓળખવાની રકઝક થઇ છે-ઝટ મુડદાને અગ્નિદાહ દેવા રાજાએ હુકમ આપ્યો. રાજાજ્ઞાથી શબને સ્મસાન ભુમીમાં લઈ ગયા. સ્મશાનને ચોમેર મજબુત કિલ્લો હતો. અને દરવાજો એકજ હતો, તે દરવાજા પર હુશિયાર પહેરેગીરોને ગોઠવી અગ્નિ સંસ્કાર કરાવ્યો. અહીં, ઠગસેન એક અલખીઓ બાવે બન્યો. મનંગો લ્હેરી બગલમાં ઝોલી મારી, કે જેમાં પેલું શિર છુપાવેલું હતુ, એક હાથમાં મોટો ચીપીઓ, અને બીજા હાથમાં મ્હોટી ચલીમ ગાંજાની લઈ મ્હોટા શબ્દોથી અલખ જગાવતો સ્મશાન ભુમીને ચોકીવાળા દરવાજા આગળ આવી પહોંચયો. જટીલને જોઇ આસ્તિ પેહેરેગીરો

હાથ જોડીને આધીન થયા, તેમાં કેટલાક ગાંજાની લાલચથી લટુપટુ બની ગયા, બાવાજીએ જરા આગ હોના, એવો સ્વાલ કરતા સિપાઈઓ બોલ્યા, બાવા આગ તો ચિતામેં હેં, કોન લાવે? આપહી લે લઇએ. અચ્છા ! અમારાતો સ્મશાન વાસકા કામહીહેં, એમ કહી અંદર જઇને અગિનમાં તે માથું ગોઠવી બહાર પડયો. ચલમા પી પાઇ ચાલતો થયેલ. મુંદડું બળી રહ્યાં બાદ રાજાએ તપાસતા માથું બળીને ખોપરી નીચે પ ડી હતી, રાજાને ઘણુજ આશ્ચર્ય થયું કોણ આવ્યું હતું ? એમ પુછતાં એક બાવાના શિવાય કોઈ આવ્યું નહતુ. તેઓ ફકત ચીલીમ ઉપર દેવતાં ચઢાવવા ગયા હતા, રાજાએ હશિને કહ્યું એજ તે ઠગ સોદાગર હતો, તેજ તમારી આંખોમાં ધુળ નાંખી ગયો.'

ઉપલી બાબતથી કંટાલીને પ્રધાનની સલાહ લીધી, પ્રધાને યુક્તિ બતાવી કે, જેણે શીર ગોઠવ્યું. તેજ તેની રાખ લઇ જઈ નદીમાં પધરાવે એવી ડોંડી પીટાવો, પ્રધાન સલાહ પસંદ કરી તે પ્રમાણે ડોંડીનો હુકમ આપીને તે દિવસ રાજા સ્થિર થયો. અને તે દીવસનું બીડું પ્રધાને લીધું.

વારતા ૧૧ મી.

પ્રેતની રાખ પાણીમાં નાખી.

પ્રધાને આ વાત કબુલ કરવાથી રાજાએ પ્રધાનને ત્યાં ચોકી કરવા મુકયો અને તેની સાથે મજબુત અને બહાદુર માણસો આપ્યા. સ્મશાનમાં જઇ પ્રધાને આરામ લેવા માટે પલંગ મંગાવી બીછાવ્યો. અને તેની ઉપર પડી આલોટવા લાગ્યો. પ્રધાન કેવી ચાલાકીથી સચેત રહી પહેરો ભરે છે તે જોવાની રાજાને ઇચ્છા થઈ. રાજા મહેલની બહાર નીકળી ગુપચુપ સ્મશાનમાં દાખલ થઇ જુએછે તો પ્રધાનને પલંગ ઉપર સુતેલો જોઇને બહુ દીલગીર થઇને પ્રધાનને એવો સખત હુકમ કર્યો કે શું તમે આવી રીતે ઠગને પકડી શકશો કે? જો જો ઠગ ઠગી જાય નહીં? ઠગ તમારા કરતાં ચતુર છે. જોઊં છું કે ઠગને તમે ઠગી પકડો છો કે ઠગ તમને ઠગી જાય છે. માટે ચેતતા રહેજો. આટલું કહીને રાજા મેહેલમાં આવી નીરાંતે સુતો. ગામમાં ડાંડી વાળો બુમ પાડતો હતો તે ચતુરસિંહ સાંભલી અને પછી ઘેર આવ્યો. ચતુરસિંહે સુંદર સ્ત્રીનો વેષ લીધો. શરીર પર નાના પ્રકારના ઘરેણા ચડાવી દીધા અને કાળો નાગપુરી સાળુ પહેર્યો. મુળેજ કીશોર વય અને તેમાં વળી રાજ બીજ, પછી સ્ત્રીના વેષમાં તેનો ચેહેરો ઘણોજ મનોહર દેખાય તેમાં નવાઇશી? આવી રીતે સર્વ તૈયારી કરી વેષધારી ચતુરસિંહ ઝાંઝરના ઝણકારો કરતો મદોન્મત હાથણીની ચાલ પ્રમાણે ઠણુક ઠણુક ચાલતો શમસાન પાસે આવ્યો આ વખતે તેની બરોબરી ઇંદ્રની અપસરા પણ કરી શકે નહીં એવું તેનું રૂપ બનયું હતું ગાલની અને હોઠની પાન ચાવ્યાથી થએલી લાલાશ, આંખનો અં

સારો હાથનો લટકો, અને કૃત્રિમ સ્તનનો ઉપસેલો ભાગ દૃઢ મનના માણસનું ચીત્ત ચળી જાયતો પછી ગાફલ મનના માનવીઓનું ગજું જ શું ? તેથી શમશાનની આસપાસ પહેરો ભરતાં ઉદ્ધત સીપાઇઓ આ વેષધારી મનમોહીને જોતાંજ આભા બની ગયા. અને તે વેષધા-રી છબીલીની આસપાસ ફરી વળીને પુછવા લાગ્યા કે કેમરે ! તું કોણ છે ? અને આટલી રાતે અત્રે શા માટે આવી છે ? તેણે કહ્યું કે તમારા પ્રધાનના મનને રંજન કરનારી રસીક નામની પ્રીયા છે. આ વાત તેઓને ખરી લાગવાથી પ્રધાનને કહેવામાં આવી. પ્રધાન સાહે-બ સિપાઇની કરેલી તારીફ સાંભળી બહાર આવ્યા ને તપાસીને જોવા લાગ્યા, અને જોતાંજ લલચાઇ ગયા. જેથી તેણે અંદર તેડી લાવ-વાનો હુકમ કર્યો, આ વખતે તે ડોળધારી સ્ત્રી અંદર જઈ લજીત મુદ્રાથી ઉભી રહી પણ પ્રધાનજીતો પોતાની પાસે વીજળીનો ઝળકારો થયેલો જોઇ અંજાઈ ગયા. તેનું ગૌર સ્વરૂપ, શણગારનો ઠાઠ અને અતિ પ્રેમપુરવક હાવ ભાવનું લટકું જોઇ એકદમ પ્રધાનજીપર કામ-દેવે હલ્લો કરયો જેથી તે આંધળો બની ગયો. કહ્યું છે કે, કામી માણસ ફરતાં બાર ગાઉમાં અંધારૂ જુવે છે, વળી તેને તે વખતે બીજી કંઈ પણ વાતનો અથવા પોતાના સગાં વહાલા કે કોઈ માણ સ પાસે છે તેનું ભાન રહેતું નથી પરમેશ્વરે આપેલા સુખ શિવાય પરનારી પર ચીત રાખી જે નઠારા વ્યસનમાં પડેછે તેની પાછળથી કેવી દુરદશા થાય છે તે તમે જોશો. ક્ષણીક સુખને માટે ખરો ધરમ ભુલી જવો એ નીચ અને મહા પાપી માણસનું અઘોર કૃત્ય કહેવા-યછે અને તેને ઘણું સોસવું પડે છે તે મુજબ દેખતી આંખે આંધળા થએલા પ્રધાનજીએ તે કસબણને પોતે પલંગ પાથરી આપી તે પર બેસાડી પછી બન્ને જણ્ અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા. પણ

જેમ જેમ વખત જવા લાગ્યો, તેમ તેમ પ્રધાનને તો કામદેવે ઘણો સતાવ્યો. જેથી તેણે પોતાનો હેતુ પ્રદર્શીત કર્યો, ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, 'આ ઠેકાણે અજવાળું છે તેમજ પહેરેગીર લોકો પણ પાસે છે. માટે સઘળાને એકદમ ઘણો દુર પહેરો ભરવાનો હુકમ કરો અને દીપકને રજા આપો, પછી આ પલંગ પેલી બાજુપર લઇ જાવો' આ સાંભળી પ્રધાનજી તો આવરો બાવરો બની સઘળો હુકમ જાતેજ બજાવવાને તૈયાર થઈ ગયો. પલંગ એક બાજુએ મુકી ને; દીપકને બુઝાવ્યો, એટલે તે સ્ત્રીએ તાબડતોબ કેફ ચડે એવો નીશાદાર પદાર્થ ઘાલીને પોતાને ઘેરથી જે પાનનું બીડું પોતાની સાથે આણ્યું હતું તે આપ્યું એટલામાં પ્રધાનજી નીશામાં ચકચુર થઈ પલંગ ઉપર ઢળી પડયા. આ જોઇ ચતુરસીંહ પલંગ ઉપર જયાં પ્રધાન પડયો હતો ત્યાં જઇ તેજ પલંગ સાથે તેના હાથ પગ બાંધી દીધા અને કેટલાક સીપાઇઓ તે તંબુના બહાર થોડે છેટે હતા તેમને પોતે તંબુનું બારણું ઉઘાડી અંદરથી મીઠાઈ આપી તે તેમણે દીવાનજીની નવી વહુ તરફથી મળેલી પ્રસાદી ધારી વહેંચી ખાધી એટલામાં તે પ્રસાદીના અલોકીક ગુણથી તેઓ પણ સ્તબ્ધ થઇ ગયા જેથી નીડરપણે ચતુરસિંહ પ્રધાનનો પોશાક તેની પાસેથી કાઢી લઈ પહેરી અને એક ધોતીઆમાં રાખ બાંધી નદીમાં નાખી આવ્યો તથા ત્યાંથી એકદમ નીકળી માલણને ઘેર જઇ સ્વસ્થ ચિત્તે સુતો.

સવારે રાજા ઘોડા ઉપર બેશી શમસાનમાં આવી જુએ છે તો બહારની બાજુ કેટલાક પેહેરેગીરો પહેરો ભર્યાજ કરે છે. અને અંદર આવતાં ચિતા પાસેના તંબુ આગળ સર્વ સિપાઇઓ કેફાધિન થઈ બેભાન અવસ્થામાં પડેલા દીઠાં. વળી આગળ તંબુમાં આવી જુએ છે તે પ્રધાનજીની પણ તેજ દશા થઈ છે એટલુંજ નહીં પણ વધુમાં તેમને

ચતુરભુજ મુર્તીના રૂપમાં જોયા જેથી રાજાના હસવાનો પાર રહ્યોજ નહીં. પછી સર્વને સાવધ કરી હકીકત પૂછી તો પ્રધાને સઘળી બીના કહી સંભળાવી. આથી રાજાએ પ્રધાનને ઘણોજ ઠપકો દીધો, ને સર્વ સીપાઇઓને પણ યોગ્ય સજા કરી. જેથી પ્રધાનને ઘણોજ ગુસ્સો ચઢ્યો. પણ તે વખતે તેના હાથમાં તરવાર નહોતી, નહીં તો તે પોતાનું ખુન કર્યા વગર રહેતો જ નહીં. ત્યાંથી નીકળી રાજા તથા પ્રધાન સર્વ મંડળ દરબારમાં આવ્યું ને ફરીથી પાનનું બીડું સભામાં ફેરવ્યું તે બીડું પણ પ્રધાને પોતે પુર ગુસ્સાના આવેશમાં આવીને ઝડપી ચાવી ખાધું અને દરબાર બરખાસ્ત કરી.

વાર્તા ૧૨ મી.

ચતુરસિંહે જમાઇના વેશથી પ્રધાનને ઠગ્યો.

પ્રધાને બીડું ઝડપ્યું છે, એ વાત માલણે આવી ચતુરસિંહને કહી ત્યારે તે બોલ્યો કે અરે મુર્ખ ! તારી ગઈ રાતે આટલી આટલી ફજેતી કરી તોપણ તું ગણકારતો નથી. ઠીકછે, આજ તને અચ્છો હાથ દેખાડીશ ! એમ બોલી ઘરમાંથી નીકળી પ્રધાનના ઘર તરફ ગયો અને ત્યાં જે વૃદ્ધ સીપાઇઓ જનાનખાનામાં નોકરી કરતા હતા, તેઓની પાસે જઈ તેમના તરફથી પ્રધાનના ઘરની સર્વ હકીકતથી તે વાકેફ થયો. તેમાં એક બીના તેને એવી જણાઈ આવી કે પ્રધાનનો જમાઈ પરણ્યા પછી કંઈ નાશી ગયો છે તેની ઘણી ઘણી તપાસ કરતા પણ પત્તો લાગ્યો નહોતો. એ સિવાય કેટલીક મુદ્દાની બાબતોથી માહી-

તગાર થવા માટે દાસીને મીઠાઈ તથા પૈસા વગેરેની લાલચ આપી સર્વ બાબતથી તે વાકેફગાર થયો.

હવે જ્યાં રાત પડી કે દિવાનજીના હુકમ મુજબ શહેરના તમામ દરવાજા ભડોભડ દેવાઈ ગયા. આ વખતે શહેર બહાર બેશી રહેલો ચતુરસિંહ દરવાજા પાસે આવ્યો, અને પહેરાપર બેઠેલા 'દરવાનને કહ્યું કે, પ્રધાનજીને ઘેર જઇને કહે કે તમારા જમાઇ રાજ આવ્યા છે.' આ સાંભળી બધા પહેરેગીરોએ વિચાર્યું કે જો પ્રધાનના જમાઇને અંદર નહીં લઇએ અથવા તેમને ખબર નહી આપીએતો તેઓ ઘણાજ ગુસ્સે થશે, અને સવારે કોણ જાણે શું કરશે? આમ વિચારી બે સીપાઈ તેજ વખતે દિવાનજીને બંગલે ખબર કહેવા માટે ગયા. આ તરફ પ્રધાને શહેરના સર્વ નાકા બંધ કરી સીપાઇઓને સાવધ રહેવા તાકીદ આપીને જેવો રાતે વાળુ કરવા આવેછે તેવાજ પછવાડેથી પેહેરેગીરો આવ્યાં અને કુરનસ બજાવી ઉભા. તેમને જોઈ પ્રધાને પુછ્યું, અરે પેહેરો છોડીને તમે અત્રે કેમ આવ્યા? તે વખતે સીપાઇએ કહ્યું કે આપના જમાઈ દરવાજા બહાર આવીને ઉભાછે, આજ્ઞા હોયતો દરવાજો ઉઘાડી તેમને અંદર લઇએ. આ સાંભળી પ્રધાનને ઘણો હર્ષ થયો અને જમાઈ આવ્યાની વાત ઘરમાં સર્વને જણાવી પોતે ઘોડાપર બેસી તેને સામો તેડવા ગયો.

મૂળજ રાજબીજ અને તેમાં ઉમ્મર જોઇએ તો વીશ વર્ષની એટલે ખીલતી જુવાની અને વળી હજારો રૂપીઆના દાગીના શરીરપર પેહેરેલ. આ સ્થિતિમાં ચતુરસેનને ઘોડાપર બેઠેલો જોતાંવારજ પ્રધાન હર્ષઘેલો થઇ ગયો. ને તેને ઘેર તેડી લાવ્યો. ઘણા વર્ષથી જમાઈ નાશી ગયેલો તે આજ આવેલો જાણી ઘરનાં સૌ ખુશી ખુશી થઈ

ગયાં અને જમાઈ ખરો છે કે ખોટો તે કોઇ પારખી શક્યાં નહીં કારણ વરકન્યાનાં લગ્ન બાળપણામાં થયાં હતાં પછી કન્યા સાસરે ગઇજ નહોતી. વળી જમાઇ વિષે સર્વેને એવું જાહેર થયું હતું કે દશ વર્ષની નાની ઉમ્મરમાંથો તે કોઈની નઠારી સોબતથી ફરતાં વેરાગી લોકોની જમાત સાથે નાશી ગયેલો જમાઈ આજે પરમેશ્વરની કૃપાથી ઘેર પાછો આવેલો જાણી પ્રધાન તથા તેની સ્ત્રીને ખુશી પેદા થઇ ગઈ એટલુંજ નહીં પણ તેની કન્યા શુશીલાતો હર્ષ ઘેલી થઇ ગઈ અને તેને તો તે વખત સોનાનો સુરજ ઉગ્યા જેવું થયું. કારણ તે બે વર્ષથી સ્ત્રી ધરમમાં આવવાથી તે કામજ્વરની પીડાથી તે તદન સુકાઈ ગઈ હતી. તે પાછી ખીલવા લાગી. અને મનમાં અનેક તરેહના તર્ક વિતર્ક કરતી ગુપ્ત રીતે પોતાના સ્વામીના મુખારવીંદનાં દર્શન કરવા માટે મેડે ચઢી અંધારામાં આંખો ફાડીને ટગર ટગર જોવા લાગી.

વાળુની તૈયારી થતાં સુધી જમાઇ સાસરો આમતેમ ગામગપાટા હાંકવા લાગ્યા એટલામાં રસોઈ તૈયાર થઇને સૌ જમવા ગયા. આજે ઘણે દીવસે જમાઇ આવ્યા છે અને તે વલી એકનાએક લાડકવાયા છે એમ જાણી સાસુએ ભાત ભાતનાં પકવાન તૈયાર કરાવ્યાં અને પોતાની કન્યા શુશીલાને પીરસવા માટે બોલાવી. તેની નાગરી નાતના રીવાજની પીરસવાની છટા, નખથી શીખા સુધીની મનોહર કાન્તિ, તેના નાજુક હાથ, અને હસતું વદન દેખી ચતુરસિંહ તો આનંદ સાગરમાં ઝોકાં ખાવા લાગ્યો. જમ્યા પછી પાન સોપારી ખાધા બાદ પ્રધાને જમાઇને કહ્યું કે' 'તમે શાંતીનું સુખ લો. હું શેહેરના બંદોબસ્ત માટે જાઉછું.' એમ કહી પોતાની હકીકત જણાવી ચાલતો થયો, પછી દાશીએ તેને શયનગ્રહનો માર્ગ બતાવ્યો તેથી તે ત્યાં ગયો.

શું શયનગ્રહનો ઠાઠ ! જાણે બીજી ઇંદ્રરાજાની સભાનોજ દેખાવ જોઇ લોની ! સ્વર્ગમાં દેવતાઓને ત્યાં એવો વૈભવ હશે કે કેમ તેની પણ શંકા રહે છે ? કારણ ચારે બાજુએ સુંદર આરસા ગોઠવી દીધા હતા, ઉપર સુંદર સોનેરી રંગની છત લગાવી દીધી હતી અને નાના પ્રકારના ચિત્રો ભીંતપર કાઢયાં હતાં તથા મોટા મોટા રાજા રાણીની તસવીરો ઉપર લટકાવી દીધી હતી. વચ્ચે મધ્ય ભાગમાં એક મોટું ઝુમર લટકતું હતું તેમાં બળતાં અગણિત દીવાઓના પ્રકાશે તસવીરોને ચકચકીત બનાવી દીધી હતી. જ્યાંથી પશ્ચીમનો પવન આવતો હતો ત્યાં સુંદર નકશીદાર સુખડનાં બારણાંવાળી બારીઓ ચાર પાંચ આવી રહી હતી અને તેની વચ્ચે મચ્છરદાનીનો પલંગ શોભી ઉઠે તેટલા માટે તેની ચારે બાજુએ સમાઇઓ ગોઠવી દીધી હતી તેમજ ઉત્તમ પ્રકારનાં સુગંધીદાર પુષ્પોથી સેજને શણુગારવામાં આવી હતી. કામોદીપક ઉત્પન્ન કરનારી શેજપર વીરાજમાન થયેલા કામદેવ સરખા ચતુરસીંહને જોઇને વીહીવલ બનેલી શુશીલાએ ચતુરસીંહને પાનનું બીડું આપી તેના ખોલામાં બેસી ચેષ્ટા કરવા લાગી. ચતુરસીંહે બીડું ખાઇ શંગારે રસોત્પાદક હાવભાવ ચેષ્ટાદિ આનંદમાં કેટલીક વાતો કર્યા બાદ તેના મનોરથ પૂર્ણ કર્યા. પછી જ્યારે સુશીલ સુવા જતી હતી ત્યારે ચતુરસીંહે કહ્યું કે ઘરેણુ પોશાક ઇત્યાદિ કીંમતી ચીજો દીવસે વપરાશમાં લીધાથી જેટલી સચવાય છે તેટલી રાત્રીએ પેહેરવાથી સચવાતી નથી, પણ એથી ઉલટી ખરાબ થાય છે માટે નાની પેટીમાં તે કાઢીને મુક. શુશીલા તે પ્રમાણે કરી ઉંઘી ગઇ, આ તકનો લાભ લઇ ચતુરસીંહ તે પેટી ઉચકી ચાલી નીકળ્યો ને ઠેઠ માલણને ઘેર આવી સ્વસ્થપણે સુતો.

આ તરફ આખી રાત પ્રધાન શેહેરમાં રોન ફર્યો, પરંતુ ચોર જડયો નહીં, પછી છેવટ નિરાશ થઇ ઘેર આવ્યો, ને જમાઇને જુએ તો તે મળે નહિ. સુશીલાને પુછતાં તેણે કહ્યું કે તે તો રાતના અહીં સુતા હતા. પછી તપાસ કરતા તે માલમ નહીં પડવાથી પ્રધાન ઘણો દીલગીર થયો. અને ખિન્ન મુદ્રાથી રાજદરબારમાં જઇ સર્વ હકીકત જાહેર કરી. આ હકીકત સાંભળી રાજાએ પ્રધાનને ઘણોજ ઠપકો દીધો. અને ફરીથી પાનનું બીડું સભામાં ફેરવ્યું જે પોતેજ ઝડપી લીધું ને કચેરી બરખાસ્ત થઇ.

વારતા ૧૩ મી.

પાણીમાં ભાતના પીં નાખ્યા.

રોજના નિયમ પ્રમાણે દરબારમાં બનેલી સર્વ હકીકત માલણે ઘેર આવી ચતુરસિંહને કહી ત્યારે તેણે વિચાર કર્યો કે રાજા ઘણીજ હઠમાં ભરાયો છે માટે એને અચ્છો હાથ બતાવવો જોઇએ એમ વીચાર કર્યો.

સાંજે છ વાગે રાજા ઘોડાપર બેશી નીકળ્યો અને તમામ શેહેરના તમામ દરવાજા બંધ કરાવી ઠેકઠેકાણે ચોકીદારો મુકી દરેક નાંકા બંધ કરાવ્યા તથા શેહેરમાં એવી ડોંડી પીટાવી કે જે ચોરે ધડનું શીર કાપી લીધું હતું. તેમજ તેની રાખ પાણીમાં નાખી છે તેને આજ બરોબર દશ દિવશ થયા છે, માટે જો તે દસાનો પીંડ તે પ્રેતને આપશે તોજ તે ચોર ખુબીદાર છે એમ માનવામાં આવશે. આવી ડોંડી સાંભળી ચતુરસેને એકદમ પડોશીની ગલીમાં એક ગધેડું

ફરતું હતું તે લાવી તેનાપર લુગડાંની એક પોટલી નાંખી અને પોતાના શરીરપર તમામ જગાએ પટા બાંધી તે પર રાતા રંગના લોહી માફક ડાઘા પડયા અને દુર્ગંધ આવે એવા પદાર્થ સાથે લઇ ગધેડું હાકતાં અને લંગડાતો દરવાજા પાસે આવ્યો પરંતુ સીપાઇઓએ તેને બહાર નીકળવા દીધો નહી, જેથી તે જગ્યાએ રકઝક થવા લાગી એટલામાં રાજા ઘોડા પર બેશી ત્યાં આવ્મો તે જોઇ ચતુરે મુજરો કરી પાસે જઇ કંઇ બોલવાનું કર્યું તે વખતે રાજાને તેને દુર ઉભો રહેવા કહ્યું પણ ચતુરતો ત્યાંજ ઉભો રહી ધીમે સાદે કહ્યું કે, 'મહારાજ ! હું રોજ ગામમાં ભીખ માગવા માટે આવુંછું અને સંધ્યાકાળે જે કંઇ રોટલીના કકડા મળે છે તે લઇ ગામ બહાર સ્મસાનની પેલી બાજુએ ધર્મશાળા છે ત્યાં જઈ ખાઉંછું, તથા ત્યાં પડી રહુંછું. કારણ આ દુર્ગંધ મારા સર્વ અંગમાંથી આવે છે તેથી મને ગામમાં કોઈ પણ ઠેકાણે રહેવાની જગા મળતી નથી. આ વાત રાજાને ખરી લાગી તેથી તેને જવાની પરવાનગી આપી. પછી ચતુરે જે ઠેકાણે પાણીમાં રાખોડી નાખી હતી ત્યાં આવ્યા અને પોતાંની સાથે આણેલા ભાતનો પિંડ કરીને ઘુંટણસમા પાણીમાં નાખ્યો. અને શવાર થતા સુધી ગામ બહાર દરવાજા ઉઘડયા પછી બીજે રસ્તે થઇ માળણને ઘેર આવી સુઇ ગયો.

આ તરફ રાજા આખી રાત શહેરમાં રોન ફર્યો પણ ચોર પકડાયો નહીં, તેથી મનમાં ઘણો દીલગીર થયો, અને રાખ નાખેલી જગાએ આવીને જુએ છે તો પાણીમાં પીંડ પડેલો દીઠો. આથી તેની ખાતરી થઈ કે, રાતે જે માણસ ખરાબ વેષ લઇને દરવાજા બહાર ગયો હતો તેજ એ ચોર હોવો જોઇએ એમ ધારી નિરાશ થઇ દરબારમાં આવ્યો.

વારતા ૧૪ મી.

ચતુર અને રબારી.

ચતુરે રાજાને હંફાવવામાં કાંઇ બાકી ન રાખવાથી આ સમે રાજાએ ઘણાજ ગુસ્સાથી પાનનું બીડું ફેરવ્યું, તે ઠગોને પણ ઠગનારા બીમલા નામના એક રબારીએ ઉંચકયું. પંદર દીવસમાં ચોરને પકડી લાવવાની મુદત માગી, પછી રાજાની સૌથી શ્રેષ્ઠ સાંઢણી જે દીવસમાં સો ગાઉ ચાલતી હતી તેને રાજા પાસેથી ચોર પકડવાને બહાને માગી લઇ ઉત્તમ પ્રકારના અલંકારથી શણગારી તેની ચારે બાજુએ ચાર રત્ન જડાવી શહેરમાં ફરવા લાગ્યો. એક દીવસે ચતુરે અબધુતનો વેષ લીધો. અને બગલમાં ઝોળી ભરાવી અને તેના એક ખાનામાં રોટલી બીજામાં ફળફળાદી ત્રીજામાં નીશાદાર માઝમ ઘાલેલી ઉત્તમ પ્રકારની મીઠાઇ મુકીને નીકળી પડયો. પછી જે ઠેકાણે પેલો બીમલો રબારી ઉંટને બેસાડી હોકો પીવા બેઠો હતો ત્યાં આગળ ચતુર આવ્યો અને તે રત્નથી પડતા પ્રકાશ આગળ બેશીને ઝોળી છોડવા મંડયો. ત્યારે રબારીએ કહ્યું કે,' અરે અબધુતા ! તું અહીં કેમ બેસેછે ? ખબરદાર જો આ જગાએ બેઠો તો. આ સાંભળી ચતુરસેને ઘણીજ નમ્રતાથી ઉત્તર આપ્યો કે ભાઇ, મને અતીશય ભુખ લાગી છે, તેથી કૃપા કરીને આ અજવાળામાં બેશીને ખાવા દો.' આથી રબારીને દયા આવી. તેથી તેણે તેને ત્યાં બેસવાની પરવાનગી આપી. પછી ઝોળી છોડી એકેક પદાર્થ કાઢયો. અને જે મીઠાઇ આણી હતી તે રબારીને આપવા લાગ્યો. ત્યારે તે બોલ્યો કે,

'તું ભીખ માગીને આણેલી મીઠાઈ મને શા માટે આપે છે? હું જમેલો છું મને ભુખ નથી.' આ ઉપરથી અબધુતે કહ્યું કે,' મહારાજ ! મને આજ પુષ્કળ મીઠાઇ મળી છે તેમાંથી થોડી આપ લો. આટલી બધી મારાથી કેમ ખવાઈ શકાશે.' આથી રબારી મીઠાઇ ખાવા માટે તે જાતે લાલચુ હોવાથી તેની પાસે આવી બેઠો, જેથી અબધુતે તેને નિશેદાર માઝમ ધાલેલી મીઠાઇ પુષ્કળ આપી તેથી એકદમ તેને ચકરી આવી. અને ત્યાંને ત્યાંજ પડ્યો. આવો વખત સાધી તે અબધુતે તે સર્વ દ્રવ્ય તથા હીરા લઈ લીધા. અને તે ઉંટને ઉઠાડી હાંકી મુક્યું. પછી તે ઘેર આવી નિરાંતે સુઇ ગયો.

થોડીવારે થંડી પડવાથી રબારીને નીશો ઉતર્યો અને આંખો ઉઘાડીને જુએ છે તો અબધુતને તેમજ ઉંટને દીઠું નહીં. આસપાસ પુષ્કળ તપાસ કરી પણ કંઈ પત્તો લાગ્યો નહીં. છેવટ ઉંટના પગલાની નીશાનીએ ગયો તે રસ્તે થઇ આગળ જતાં પુષ્કળ ઉંટ ગયેલા માલમ પડયા તેથી રસ્તો પણ બરોબર સુઝયો નહીં. છેવટ નીરાશ થઈ રાજા પાસે આવી સર્વ હકીકત્ત શરમાતાં શરમાતાં કહી સંભળાવી. જેથી રાજા પણ કંટાળ્યો અને તેણે ચોરનો કેડો મુકી દીધો.

વાર્તા ૧૫ મી.

નગરશેઠનો છોકરો અને ચતુરસીંહ.

એક દીવસે ચતુરસીંહે સાધારણ માણસના સરખો પોષાક પહેરી તૈયાર થયો. અને કોઈ પણ સારો શીકાર શોધવાના હેતુથી પોતાની માસીના ઘરમાંથી બહાર નીકળ્યો. ચાલતાં ચાલતાં તે એક ચાર ચૌવટાવાળા રસ્તાની વચ્ચે આવી ઉભો :એટલામાં એક નોકર પોતાના શેઠના વર્ષ સાતની ઉમરના છોકરાને નિશાળે લઇ જતો હતો. તેટલામાં તે નગરશેઠના છોકરાની ઉપર તેની દ્રષ્ટી ચોંટી. તે છોકરાના અંગ ઉપર સોના રૂપાનાં પુષ્કળ દાગીના હતા, તે જોઈ તેણે મનમાં વીચાર કર્યો કે,–વાહ ! શીકાર તો મન ગમતો, અને મ્હોટા ઘરનો મલ્યો છે. પણ હવે તે કેવી પ્રકારની યુક્તી લડાવીને કરવો ? કંઇકવાર સુધી તે મનમાં ને મનમાં ગણગણ કરવા લાગ્યો, અંતે તે કાંઇક નક્કી વીચાર ઉપર આવ્યા પછી તે ચાકરને પાછો આવવાની રાહ જોતો ત્યાંજ ઉભો રહ્યો.

થોડોક સમય વીતી ગયા પછી તે ચાકર પોતાના શેઠના બાળકને નિશાળે મુકી ઘેર જવા માટે પાછો એજ રસ્તેથી આવતો હતો. તેને જોતાંજ તરત ચતુરસીંહ તેની પાછળ જઇને તેને કહ્યું કે, 'હમણાં તારી સાથે જે છોકરો હતો તે કઈ નિશાળમાં જાય છે ? તેનું નામ શું ? મારે પણ તેજ નીશાળમાં મારા છોકરાને ભણવાને મુકવો છે. ચતુરસીંહના આવા પ્રકારના નમ્રતા ભરેલા વાકયો સાંભળીને તે ચાકરે પણ નમનતાઈ પૂર્વક કહ્યું કે, 'સાહેબ ! શંકરપ્રસાદની પાઠશાળામાં જાય છે તેમજ તે આપણા નગરના પ્રખ્યાત નગરશેઠનો

પુત્ર થાય છે. તેનું નામ પ્રાણવલ્લભદાસ છે. ખુશીની સાથે તમારા છોકરાને તે પાઠશાળામાં મોકલજો ત્યાં કાળજીથી અને સારી દેખરેખની નીચે તે પાઠશાળાનો મહેતાજી શીખવે છે. એ પ્રમાણે તેના સંબંધમાં સર્વ હકીકત કહીને તે ચાકર પોતાને માર્ગે પડયો.

શેઠના ચાકર પાસેથી સઘળી બાતમી મેળવી લઇને ચતુરસીંહ નિશાળમાં ગયો, અને આંખ લાલ ચોળ કરીને પાઠશાળાના મ્હેતાજીને પુછયું કે, મહેતાજી સાહેબ ! અમારો પ્રાણવલ્લભદાસ કયાં છે ? આ કોઇ તેનો કાકો અથવા નજદીકનો કોઈ સગો હશે એમ જાણીને શંકરપ્રસાદે તેને કહ્યું કે, સામેની ઓરડીમાં તે બેઠેલો છે. આટલું સાંભળતાની વાર ચતુરસીંહ એકદમ જયાં તે છોકરો બેસી બાળાખડી ગોખતો હતો ત્યાં ગયો અને ગુસ્સામાં ને ગુસ્સામાં તેને બે ચાર તમાચા ચોડીકાઢીને કહ્યું કે, 'અરે નાદાન ! તને હજાર વાર કહ્યું, તોપણ તું સમજતો નથી ને ? અને હઠ કરીને દાગીના પહેરીને નિશાળે ભણવાને આવે છે ? આજ પણ તને ના કહેવા છતાં તું દાગીના શા માટે પહેરીને નિશાળે આવ્યો ? બેવકુફ ! મુર્ખ ! તને શું છે ! તું તો નાદાનમાં ખપીને છુટી જઇશ ! પણ અમે લોકના ઠપકામાંથી કેમ છુટીશું ?' (મહેતાજી તરફ જોઇને) મહેતાજી સાહેબ ! આપ પણ સારી રીતે જાણતા હશો કે, હમણાં આ શહેરમાં એક ઠગ આવ્યો છે. જે ઠગને રાજા પણ પકડી શકતો નથી. તો પછી બીજા શું પકડવાના હતા ? તે લોકોને અનેક પ્રકારની યુકતીથી ફસાવીને ઠગી જાય છે. જયારે મ્હોટા મ્હોટા અને બુદ્ધિશાળી લોકોને ફસાવી તેમની તે પાયમાલી કરી નાખે છે ત્યારે આ છોકરાની શી ગુંજાસ ? હું તને હમેશાં કહું છું કે તું તારા શરીર ઉપર દાગીના પહેરીને કોઇ દીવસ નિશાળે ફીંવા બહાર જઇશ નહીં. કારણ કઈ વખતે શું

બનશે તે કંઇ આપણા જાણવા કે સમજવામાં આવતું નથી. એટલા માટે હું આ છોકરાને કહી કહીને થાકયો પણ તે મારૂં મુદલ માનતોજ નથી. એ જે લાડ કરે છે તે એના બાપ આગળજ ચાલે. આવા ખોટા લાડ પ્રાણઘાતક લાડ મારી આગળ કદી પણ ચાલવાના નથી, એમ બોલતાં બોલતાં તેને ફરીને તેને બે ચાર તમાચા ખેંચી કાઢીને કહયું કે, 'ચાલ હમણાં ને હમણાં તારા બધા દાગીના ઉતારી આપ. ઉતારે છે કે નહીં ? જો નહીં ઉતારી આપીશ તો તને હમણાંજ ઝુડી નાખીશ.' તેણે તરત મહેતાજીના હાથમાંથી નેતરની છડી લઇ લીધી અને નિર્દોષ છોકરાને મારી પછી રાતી ચોળ જેવી આંખો કરીને છોકરાને કહયું કે, 'ચાલ ઉતાર જલદી' આનું ભયંકર સ્વરૂપ જોઇને તે છોકરો ખુબ ગભરાઇ ગયો. અને બોર બોર જેવડા આંસુઓ આંખમાંથી ટપકાવતો બોલ્યો કે, 'મને મારશો નહીં, ધમકાવશો નહીં, હું બહુ તમારાથી બીઉં છું, હવે કોઇ દીવસે દાગીના પહેરવાની હઠ કરીશ નહીં, લ્યો હમણાં ઉતારી આપું છું.'

એટલું કહેતાંની સાથેજ છોકરાએ પોતાના શરીરપરના સર્વે દાગીના ઉતારી ચતુરસાંહના હાથમાં મુકયા તે દાગીના લઇને ચતુરસાંહે તે છોકરાને કહ્યું કે, 'ફરીથી જો તું કોઇ દીવસ દાગીના માટે હઠ કરીશ તો તને સખ્ત શાક્ષા કરવામાં આવશે. ચાલ હવે રડતો બંધ થા. તારા આંસુઓ લુછી નાખ અને તારા ભણતરમાં ધ્યાન રાખ.' એટલું કહીને તેના આંસુ ચતુરસાંહે પોતાના રેશમી રૂમાલવડે લુછી નાખ્યા અને તેના હાથમાં એક પૈસો આપીને કહ્યું કે, 'તું બપોરની રજા પછી કંઇ પણ લાવીને ખાજે.' પાછો મહેતાજી તરફ પાછો વળીને મહેતાને કહ્યું કે, 'પંડયાજી ! આજે તેને મારશો નહીં, અને જરા મ્હેનત લઇને શીખવતા રહેજો, અને તમારા

જોવા હુશીઆર કરજો પણ આજ તેને ઘેર વહેલો મોકલજો. તમારા ઉપકારનો બદલો વાળવામાં અમે પાછું ફરીને જોઇએ એવા નથી તો. ' એમ કહી તે સર્વે દાગીના લઈ પોતાને મુકામે આવી મોજ ઉરાડવા લાગ્યો.

હમેશના કરતાં આજ મહેતાજીએ પ્રાણવલ્ભદાસને ઘેર જવાની વહેલી રજા આપી રજા લઇ છોકરો પોતાને ઘેર આવ્યો. છોકરાના શરીર ઉપર દાગીના કેમ નથી ? અને તે રોજ કરતાં આજ આટલો બધો વ્હેલો કેમ આવ્યો તે માટે નગરશેઠે પોતાના છોકરા પ્રાણ-વલ્ભદાસને પુછ્યું કે, તારા દાગીના કયાં છે ? અને તું શા માટે વહેલો ઘેર આવ્યો ! તેના ઉત્તરમા છોકરાએ કહ્યું કે એક માણસ આજે મારી નિશાળે આવ્યો હતો તેણે મને ધમકાવી અને ખુબ માર મારીને મારા સર્વ દાગીના લઇ ગયો ?

આ પ્રકારનું છોકરાનું કથન સાંભળતાની સાથેજ નગરશેઠ તો હાંફલા ગાંગલા બની ગયા, પાઘડી પહેરવા જાય ત્યારે કાછડી નીકળી જાય, અને કાછડી બાંધવા જાય ત્યારે ધોતીયું છુટી જાય. અને પંડયાજીને દાગીનાના સંબંધમાં પુછ્યું ત્યારે પંડયાજીએ સર્વ હકીકત જણાવીને કહ્યું કે, તે ગૃહસ્થ તમારો સગો થતો હશે. એવું સમજીને હું કંઈ પણ બોલ્યો નહી ! મહેતાજીના આવા વચન સાંભળીને નગરશેઠ પોતાના પુત્ર અને પંડયાજીને લઇને રાજા પાસે ગયા, રાજાએ તેમની સર્વ હકીકત સાંભળી લઇને કહયું કે, આજ સુધી મારા નગરમાં અનેક લોકોને તેણે ઠગ્યા છે તેણેજ આ કામ કરેલુ હોવું જોઇએ. તે મ્હોટાં મ્હોટાં જનોને કેવી યુકતીમાં ફસાવે છે. તે તમે તો સારી પેઠે જાણો છો, એમ છતાં તમે આ તમારા નાના

બાળકના શરીર ઉપર દાગીના રહેવા દીધા એ તમારી મુર્ખાઇ નહીં તો બીજુ શું સમજવું, રાજાના આવા વચન સાંભળી નગરશેઠ એકદમ મુંગો મુંગો પોતાના છોકરાને લઈ પસ્તાવો કરતો ઘેર ગયો.

વાર્ત્તા ૧૬ મી.

નાયબ દીવાન અને ચતુરસીંહ.

ધોળે દીવસે નગરશેઠના છોકરાને લુટનાર લુટારાને પકડી આપવા માટે ફરીને રાજાએ દરબાર ભરી, અને દરબારમાં બેઠેલા સર્વ દરબારીઓને કહ્યું કે, આ ઠગથી હું તો હવે હારી ગયો છું તેને પકડવા માટે મારી બુદ્ધિ કહ્યું કરતી નથી. પણ અફસોસની વાત છે કે, મારા દરબારમાં બેઠેલા મ્હોટા મ્હોટા અમલદારો જે મ્હોટા મ્હોટા પગારો ખાય છે તે પણ આવા એક ઠગને પકડી આપવાને કેવા ના હીંમત બની ગયા છે તે જોઇ મને મહા ખેદ થાય છે તમે જ્યારે આવા ઠગને પકડી શકતા નથી તો પછી તમે લડાઇના મેદાનમાં દુશ્મનને કેમ વશ કરી શકશો ?

રાજાના આવા હૃદય ભેદક શબ્દો સાંભળતાનીજ સાથે નાયબ દીવાનના શરીરમાં શૂર છુટવાને લીધે તેણે મનમાં વીચાર કર્યો કે, રાજા આ શું બોલે છે ? શું બધાઓ બાયલાઓ છે ? શું બધાઓ બુદ્ધિ અને શક્તી હીણ છે ? નહીં, નહીં, હજુ શુરાઓ છે ? ચોર પકડવો એમાં શી મોટી વાત છે ? જો કે મેં એવા અનેક કામો કર્યા છે તેની આગળ આ ચોર તો શા હીસાબમાં છે ?

આજ તો હું પકડું અને રાજાને પણ બતાવી આપુ કે, તું પણ ફક્ત નામનોજ રાજા છે. વળી રાજ્યમાં પણ સઘળા ડોબા જેવાજ વસે છે નહીં તો આટલા દીવસો થયા ચોર આખા ગામને પજવે છે તે એટલો પકડી શકાતો નથી ? એવો વીચાર કરી તરત ઉભો થયો અને સર્વની વચ્ચે બીડું ઉપાડી લઇ ચાવી ગયો, તરત દરબાર બરખાસ્ત થઇ.

આજની દરબારમાં બનેલો બનાવ જોઇ લેનાર માલણ ઘેર આવીને ચતુરસીંહની આગળ વર્ણવી બતાવ્યો. જેથી તે નાયબ દીવાનની પણ શુદ્ધ બુદ્ધ ભુલાવવાને ચતુરસીંહ તત્પર થયો. અને તે માટે બરોબર ચોકસ વિચાર કર્યા પછી રાજરસ્તાપર આવેલી ગોલવાડમાં ગયો અને એક ઘંટી એક દીવસને માટે ભાડે લીધી, પણ તે ઘંટીના માલીક સાથે ઓળખાણ નહીં હોવાથી તેની કીંમત પેટે તેને દસ રૂપીઆ આપી ઘંટી પાછી મળે ત્યારે બે રૂપીઆ ભાડાના કાપી લઇ બાકીના આઠ રૂપીઆ પાછા આપવા એવા પ્રકારનો ઠરાવ તે ઘંટીના માલીક સાથે કરીને કહ્યું કે, ‘ આજ રાતના દસ વાગે આવીને તારી ઘંટી લઇ જઇશ. દીવસે લઇ જતાં મને શરમ લાગે છે. ’ ઘંટીના માલીકે તેની વાત ખરી માની અને તેનાં ઉજળાં લુગડાં જોઇને પ્રથમથીજ અંજાઇ ગયેલો હોવાથી તે બોલ્યો કે, ‘ ભાઇ ગમે ત્યારે તું આવજે, કાલ સાંજ સુધી એ ઘંટી તારી છે ’ આ પ્રમાણેનો ઠરાવ કરી બંને જણ એક એકથી છુટા પડયા.

બરાબર રાતના અગીઆર વાગતાની સાથે ચતુરસીંહે માલણના ઘરમાં પહેરવાનો જુનો સત્તર થીગડાવાળો જુનો સાડલો લઇ ઘરની બહાર પડયો. અને રસ્તામાંથી એક મજુરને પકડી

લઇ ગોલવાડમાં જઇ એક ઘંટી મજુરને માથે મુકાવી રાજમાર્ગે આવ્યો, જ્યાંથી દીવાનની રોન નિકલનાર હતી, ત્યાં જઇ ઘંટી મુકાવીને, મજુરને પાછો ઘેર લાવ્યો અને મજુરને માથે બે મણ બાજરાનો કોથળો ઉચકાવીને ઘંટીની પાસે આવ્યો. મજુરને મજુરી આપી કાઢી મુકયો અને એક ખુણામા જઇ પુરૂષ વેષ ઉતારી સ્ત્રી વેષ ધારણ કરી ઘંટીએ દળવા બેસી ગયો. દળતાં દળતાં તે ગાવા લાગ્યો કે, છાનોરે મારા બાલુડા સીદને રડે છે, હમણા વાણુ વાસે, એમ ગાતાં ગાતાં અને દળતાં દળતાં બારપર એના ઘંટા ઠોકાયા. રાત અંધારી હતી, દીવાનું નામજ નહોતું તેથી આખા ગામમાં અમાવાસ્યાની ચાંદણી જેવા પ્રકાશ અર્થાત અંધકાર છવાઇ રહ્યો હતો. આ સમયે નાયબ દીવાન ઘોડેસ્વાર થઇ ફરતો ફરતો તે જગાએ આવી ચઢયો અને પેલી વેષધારી ગોલણને પુછયું કે "આ તરફથી હમણાં કોઈ ગયું છે કે?" તે વખતે ઝપાટાબંધ ઘંટી ફેરવી રહેલી ગોલણ બોલી કે, 'અરે મારા ભાઈ! મને હમણાં જવાબ દેવાની જરા પણ નવરાસ નથી માટે પો ફાટતા પહેલાં આ બે મણ બાજરો દળીને મોદીને આપવાનો છે. તેમ જો ન કરૂં તો મારો ધણી મને મારી મારીને મારાં હાડકાં રંગી નાખે અને ખાવાનું પણ ન આપે, ભલે ગમે તેમ થાઓ. બોલ તું શું પુછે છે? તે જલદી જલદી કહી નાખ. આ સાંભળીને નાયબ દીવાન તો સ્તબ્ધજ થઈ ગયો, અને મનમાને મનમાં બડબડવા લાગ્યો કે, 'આ ગોલણ કેવી જબરી છે કે, આ અંધારી રાતનો ભય ન રાખતાં બે મણનો બાજરો લઇને ઘંટીને કેવી જોરમાં ઘુમાવી રહેલી છે. તેથી મને પુરો જવાબ ન આપતાં સામી ધમકાવે છે. પણ હશે આપણે તો સ્વાર્થ સાધવાનો છે.'

પ્રિય વાચક! સૌ કોઇ જાણો છો કે આ જગતમાં સ્વાર્થ કેટલો બધો અંધ છે. કહેવત છે કે 'ગરજ બીચારી બાપડી ગરજે ટપલા ખાય' તે મુજબ તેને પુછ્યું કે, આતરફ થઇને હમણાં કોઇ ગયું છે? તેના જવાબમાં તેણીએ ઉત્તર આપ્યો કે, 'હમણાં એક માણસ પછી તે ચોર હોય કીંવાં સાહુકાર હોય, પણ તે મને ફસાવવા આવ્યો હતો પણ હુતો ફસાઉં? મને કહ્યું કે, "તારો આ બધો લોટ અને બાકી રહેલો બાજરો મને આપી દે, તેના રૂપીઆ તને કાલે આપીશ" મેં કહ્યું કે 'જા મારા બાપના સાળા! આવ મારી પાસે, તારા કપાલમાં ડામ દઉં! જા જા રોયા–ચકલો ભુલી ગયો? એટલામાં તારા ઘોડાનો પડઘો તેના કાને પડતાજ કુતાની પેઠે આ રસ્તેથી બે પગે કુદતો ગયો. ગરજ હોયતો જા તું પણ તેની પાછળ વાંદરાની પેઠે ઠેકતો પણ એટલુંતો તું યાદ રાખજે કે એ તારો માસીઆઇ ભાઇ તારા હાથમાં આવવાનો નથી. અરે શું તેની ચાલાકી! મારો પીટયો મને તો ધમકાવવાજ મંડયો, પણ હું એનું માથુ ભાગી નાખું એવી જબરી હતી તો!' નાયબ દીવાને કહ્યું કે, 'તું તારી ઘંટીએથી ઉઠ અને મારા ઘોડાને જરા પકડી રાખ, હમણા હું તેની પાછળ જઇ તેને પકડી લાવું છું? ગોલણે કહ્યું કે, 'જા, જા અકલના બારદાન! તું પણ કેવો મુર્ખનો સરદાર છે? શું તારી અકલને અંધારામાં મુકી આવ્યો છે? કે શું કોઇ વૈશ્યાને ત્યાં ગીરવી મુકી આવ્યો છે? તારા ઉજળાં લુગડાં જોઇને તે શું પલાયન થઇ નહીં જશે! દીવાને કહ્યું કે, જા ત્યારે તું જઇને પકડી લાવ, હું તને તેના બદલામાં કંઇક ઇનામ આપીશ' ગોલણે કહ્યું કે, 'પકડવો હોય તો પકડ નહીં તો પડ પહેલા કુવામાં! જો મારો પીટયો! તુને કાંઈ ન

મલ્યું કે હું મલી ! અને ઉપરથી મને લાલચ બતાવે છે ! હું તેને પકડવા જાઉ, ને તે વખતે પીટયો મને ઉચકીનેજ કુવામાં નાખી દે તો પછી મારા છોકરા અને પતીને રડતા કોણ છાના રાખશે ! માટે જા તારે જવું હોય તો ! પણ અરેરે ! ! તારી મને બહુ દયા આવે છે જો કે તારી અકલ તો બહેર મારી ગઇ છે. પણ હું અકલ આપું છું મોટા જમાદાર થઇને ઘોડાપર બેઠા છે, તારા કરતાં તો મારો ગોલોરાણો હુશીયાર છે કારણ કે જ્યારે તે ઘરમાં આવે છે ત્યારે રાજા કરતાં પણ બમણો રોફ મારે છે બીજું તો શું કહું ? પણ તે વખતે દારૂ પીઇને તે એવો તો તોરમાં આવે છે કે રાજાઓની રાણીને નહીં મારતો હશે તેના કરતાં મને બમણો માર મારીને મારો બરડો ભાંગી નાંખે છે. અને એવું તો ફાટયું ફાટયું બોલે છે કે ન પુછો વાત ! તો પણ હું સહવારમાં ઉઠુંછું તો જેવીને તેવી ઝટ કાંખમાં છોકરૂ ઘાલી બજારમાં જઉ, સડેલું લાવીને રાધું, અને મારા નાવલીઆને ખવરાવું પછી હું છોકરાને ગ્રોડીયામાં ઘાલી, ઝોળીની દોરી ભાયડાના હાથમાં આપી ચોખાવાળાની દુકાને જઈ ઝટ ચોખા ખાંડવા મંડી જાંઉં. તું શું કામ કરવાનો હતો. માટે સાંભળ ! હું કહું તેમ કર ! ઘોડાપરથી ઉતર નીચે, ઉતારી નાખ તારાં લુગડાં, અને મને આપ પહેરવા, અને મારો સાડલો કાઢી આપું ઓઢીને ધામે ધામે દળવા લાગ. હું ઘોડાને લઈ આ બાજુએ અવાજ કરતી જઉં છું, તેથી તે ચોર એમ જાણશે કે, રોનવાળો તો ફરતો ફરતો પેલી બાજુએ ગયો એટલે તે અહીં આવશે. તે વખતે તુ પેલી સીસોટી વગાડીને પકડી લેજે. તે આ ઉભી સડકેથી વધારે દુર ગયો નથી, ઘણું તો તે પચાસ હાથ લાંબો ગયો હશે.

આ વાત સાંભળી દીવાન ખુબ છક થઇ ગયો અને મનમાં ને મનમાં ને વાતો ઘડવા લાગ્યો કે, ' વાત પણ ખરી છે કે, મારા ઉજળા લુગડાં જોતાંજ તે ભાગી ગયો હશે. માટે આ ગોલા રાણીનું કહેલું માનવું જોઇએ. ઓહો ! શું એનામાં બુદ્ધિ છે ધન્ય છે એને ' આવો વીચાર કરીને પોતાનો પોષાક ઉતારીને તેને પહેરાવ્યો અને તેનો સાડલો ઓઢી લઈને બાજરો દળવા બેઠો. પેલી વેષ ધારણ ગોલણ તરત દીવાનના ઘોડાપર સ્વાર થઈને, દીવાનને કહ્યું કે, ' હું આવું ત્યાં સુધીમાં મારૂં દરણું પુરૂં નહીં કરીશ તો મારા ગોલા પાસે તારી મણની પાંચશેરી કરાવી નાખીશ, જોજે હોં કે હું ચોર પકડવાને જઉં છું. હમણાં પકડી લાવું છું. ' દીવાને કહ્યું કે, ' ભલી બાઇ ! જા તું જે કહે છે તે મારે સર્વ કબુલ મંજુર છે. ' વળી ગોલણે કહ્યું કે, ' જો હું આડે અવળે રસ્તે જઈ તેને શોધીશ એટલામાં જો તે ન આવે તો, તોપણ તું અહીંઆંથી ઉઠતો નહીં, અને માથું નીચે ઘાલી ઘંટીને ખુબ જોરમાં ગુમાવીજ રાખજે, હું આડે અવળે રસ્તે થઇ, જે બાજુએ તે ગયો છે, તે બાજુએ જઇશ, અને તેને અહીંઆં આવવાની ફરજ પાડીશ. ' એટલું કહી ઘોડાને આડે રસ્તે છોડી દીધો, વેષ ધારી સ્ત્રીને પોતાના ઘોડાપર બેસીને ગયેલી જોઇને દીવાન મનમાં વીચાર કરવા લાગ્યો કે, ' વાત પણ ખરી, આવી અકલ દોડાવીને તેણે હદ કરી નાખી છે. વાહરે સ્ત્રી તારી બુદ્ધિને ! ઠીક થયું તેણે મને આવી યુક્તી બતાવી ! જો ન બતાવી હત તો આ મહા ઠગનો મને કદી પણ પતો લાગત નહીં. ઓહો ! એના મારા ઉપર મોટો ઉપકાર થયો છે ! ઠીક છે ચોર પકડાયા બાદ તેના ઉપકારનો બદલો વાલી આપીશ ! અને દરબારમાં બોલાવી રાજા પાસેથી તેને હજાર રૂપીઆનું

ઇનામ અપાવીશ. પણ અરે ભુલ્યો ! ઈનામ કોને અપાવીશ ? એનું નામ પુછતાં ભુલી ગયો ! અરે ! રામ રામ ! ! મારામાં બીલકુલ અકલ નથી. કોણ જાણે શાને માટે મને રાજા આટલો બધો પગાર આપે છે. ખરૂં જોતાં તો હું ફુટી બદામનો પણ લાયક નથી. પણ પોલા રાજમાં મારૂં ઠીક ટકુ ચાલે છે. હશે તે ઘંટી અને બે મણ બાજરાનો લોટ મેળવવાની આશાએ તે પોતાની મેળેજ આવશે ? એવો વીચાર કરી તે દળવા લાગ્યો. જોઈ નાયબ દીવાનની અકલ.

મુર્ખ દીવાનને પૂર્ણ મુર્ખ બનાવી સ્ત્રીના લુગડાં પહેરાવી ઘંટીએ દળવા બેસાડીને ચતુરસીંહ એકદમ ઘોડાને કુદાવતો કુદાવતો ચબુતરા ઉપર ગયો અને લલકારીને કહ્યું કે, 'પહેરાપર કોણ છે ? આ અવાજ સાંભળી પહેરેગીરો બીછાનામાંથી બેઠા ! પોશાક પહેરી આંખો ચોળતા નીચે આવી સલામ કરી ઉભા તે જોઇ વેષ ધારી દીવાને કહ્યું કે, 'આજે ઘણે દહાડે ચોર પકડાયો છે, જો કે મહારાજા પકડતા પકડતા હારી બેઠા છે પણ મને ખરી બાતમી મળી છે કે, અહીંથી થોડે છેટે આવેલા સરીયામ રાજમારગ ઉપર એક ગોલણ દળવા બેઠી છે તેને તમે સર્વ જઇ એકદમ ઘેરી લો. મોડા જશો તો તે નાશી જશે. તે પુરૂષ છે કે સ્ત્રી છે તેની ખાત્રી કર્યા વગર તેના ઉપર હાથ ઉગામશો નહીં, જાતાં પહેલાં તેના મોંઢા ઉપર હાથ ફેરવીને જોજો. જો તમારા જાણવામાં આવે કે તેને મુછો છે તો મારવામાં કચાશ રાખશો નહીં. અને મુછો ન હોય તો એમ માનજો કે, મને ખબર આપનાર માણસ જુઠો છે.' આટલું કહી વેષ ધારી દીવાન ત્યાંથી છ પાંચ ગણી ગયો.

થોડીવારમાં એક ટુકડી તૈયાર થઇ. અને જ્યાં દીવાન સ્ત્રી રૂપમાં બેસીને બાજરો દળતો હતો ત્યાં ગઇ અને વેષધારી દીવાનના

કહેવા મુજબ પોતાની ખાત્રી કરી લીધા પછી તેનો ખાખરો કાઢી નાખવામાં બાકી રાખી નહી. જેણે કોઇ દીવસે કોઇના મોઢાની ગાળો ખાધી નથી, જેનું કોઇ દીવસે કોઇએ અપમાન કર્યું નથી તેને આજ વગર લેવે દેવે કેવી દશાએ પહોંચવું પડયું છે. જો તેણે દરબારમાં સર્વની સમક્ષ ખોટું શુરાતન બતાવ્યું ન હોત તો, આજે તેની જે દશા થઇ છે. તે થવા પામત ? અપીણીઓના મારથી તેના હાથ પગ અને વાંસો સુઝીને થાંભલા જેવો થઈ ગયો, અને મરણ તોલ બની જમીનપર લાંબો થઈ પડયો; આવી હાલતમાં તેને ઉંચકી ચબુતરા ઉપર લઇ ગયા. સવાર થતાં જોયું તો નાયબ દીવાનની મૂર્તિ નિકલી ! આ જોઇ સર્વે સીપાંઇઓ પસ્તાવો કરવાને મંડી પડયા.

રાજાને આ ખબર પડતાંજ રાજા તો ખડખડ હસવા લાગ્યો, કારણકે તેને એક દુઃખને બીજું હસવા જેવું થયું. મોહા ભાયગે અને વૈદોના ખાસ ઉપચારોથી, અને રાજાની કૃપાળું દ્રષ્ટીથી, દીવાન સાહેબ લગભગ ચાર માસે ખાટમાંથી શીરો ખાઇને બેઠા થયાં, અને રહી રહીને છ મહીને પોતાના ઓદ્ધાનો અખ્તીયાર સંભાળી લીધો.

આવી રીતે ચતુરસીંહ ઠગારો પ્રજા જનોને ઠગતાં ઠગતાં દરબારી કારભારું કરતાંઓને મ્હોટા ઉમંગથી અને પોતાના પરાક્રમથી ઠગવા લાગ્યો. એટલુંજ નહિ પણ તેને હેરાન કરી દુઃખ ઉત્પન્ન કરી ભારી વ્યાધીમાં લોટી દેવાને લીધે રાજાને મ્હોટો અફસોસ થવા લાગ્યો. તેને પકડવા જતા, પકડવા માટે અનેક પ્રકારના છટકા મંડવા છતાં, તે ચાલાક અને બુદ્ધિશાલી ઠગારો હાથમાં ન આવતાં ભલા ભલા ધનેતરોને ઠગી જવાને જરા પણ ભય રાખતો નથી એવું મને અને મારા રાજને લાંછનરૂપ નથી ગમે તેમ થાઓ. હવે તેને ગમે તેવી યુક્તીથી પકડવાને હું મારાથી બનતી કોશેશ કરવાને ચુકનાર નથી.

આવા પ્રકારનો વીચાર કરીને દરબાર ભરી, અને દરબાર સમક્ષ રાજાએ ખુલ્લે ખુલ્લું જણાવી દીધું કે હવે બીડું ફેરવવાની હું કાંઇ જરૂર જોતો નથી. પણ હું તમામ દરબારીઓ અને પ્રજાજનોને ચેતવણી આપું છું કે તે ઠગારાથી બહુ સાવધ રહેવું. અને એવી રીતે તેમને કાંઇ પણ ઠગવા આવે તેને એકદમ પકડી કેદ કરજો અને મારી પાસે લાવજો પછી હું જોઇશ. એટલું કહી રાજા ગુસ્સામાં ને ગુસ્સામાં દરબાર છોડી રણવાસમાં ચાલી ગયો.

વારતા ૧૭ મી.

ચતુરે એક ઝવેરીને રડાવ્યો.

આ રીતે ચતુરસેન પરાક્રમ કરતોજ જાય છે પણ પકડાતો નથી, તેથી કોઈ પણ માણસ તેને પકડવાનો ઉદયોગ કરતો નથી એમ જાંણી ચતુરસેને ઉત્તમ પોશાક પહેર્યો અને મોટા સોદાગરનો વેશ લીધો. પછી એક શ્રીમંત ઝવેરીની દુકાને ગયો. ઝવેરીએ તેને દુકાનપર ચઢતાંવારજ કોઈ મોટો માણસ ધારી ઉભો થઈ સન્માન કરી બેસાડયો અને કયાંથી પધાર્યા ! શું પ્રયોજન છે? વગેરે પ્રશ્નો પુછવા લાગ્યો, તે વખતે છતુરસેને કહ્યું કે દક્ષિણ દેશમાથી હું અત્રે કેટલુંક ઝવેર ખરીદ કરવા માટે આવ્યો છું પણ મારો માલ આવતા હજી બે ત્રણ દિવસ વાર લાગશે. એટલા માટે સારૂં ઝવેરરાત પસંદ કરી તે અલગ કઢાવી ખરીદ કરવા માગુછું.

આ સાંભળી ઝવેરી તો હર્ષ ઘેલો થઇ ગયો અને હાંફલો ફાંફલો આમ તેમ દોડી ઉતમ પ્રકારના હીરા માણેક વિગેરે અંદરની પેટીમાંથી સારા વકરા સાથે નહાની આશાથાં લાવ્યો. તે જોઈ ચતુરે તમામ નંગ ઉતમ છે, એમ કહી પસંદ કર્યા. પછી તે સર્વ એક કોથળામાં બાંધી તે પર પોતાનો શીક્કો કરી ઝવેરી પાસેથી કીંમત નોધેલો કાગળ લીધો, અને સાંજે કીંમત કરાવવા આવીશ એમ કહી ચાલતો થયો. ઝવેરીએ શીક્કા બંધ માલની કોથળી પોતાના જામનદાનખાનામાં મુકી. ચતુરસેન જેવો ત્યાંથી નીકળ્યો તેવોજ કચેરીમાં જઇ નયાધિશને અરજ કરી. નયાધીસે તેને કોઇ સારો સભ્ય મનુષ્ય ધારી બેસવા માટે ખુરશી આપી, અને પુછ્યું કે આપ કયાંના રહેવાશી છો તથા અત્રે પધારવાનું શું કારણછે? આ ઉપરથી તેણે ઉત્તર આપ્યો કે હું દક્ષિણ દેશમાંથી ઝવેર વેચવા માટે અત્રે આવ્યોછું. અને અત્રે આવ્યા પછી મારો આણેલો તમામ માલ આપણા શહેરમાં એક પૈસાદાર ઝવેરીને ત્યાં લઈ ગયો, તે માલ પાંચ લાખ રૂપિયાનો છે. તે વેપારીને મેં રાતે માલની કીંમત ઠરાવવાનું જણાવ્યું હતું. તેથી રાતે હું તેને ઘેર ગયો તો તેણે મને ચાર લાંખ રૂપીઆ આપવા જણાવ્યું પરંતુ મેં તેને જણાવ્યું કે જો પાંચ લાખ રૂપીઆ આપશો તોજ આપીશ. તેણે મને પાંચ લાખ રૂપીઆ આપવાની ના પાડવાથી મેં કહ્યું કે હું સવારે આવીને મારો માલ પાછો લઈ જઇશ. એમ કહી ઘેર આવ્યો, સવારે તેને ઘેર જઇ માલ માગતાં તેણે મને જણાવ્યું કે, તમારા માલની મને કાંઇ ખબર નથી આથી નીરૂપાય થઇ હું આપની પાસે આવ્યો છું, વળી એવા અત્રેના ઝવેરીઓ ઉપર આવો વિશ્વાસ તમે કેમ રાખ્યો? એમ આપ વહેંચશો તો તેનું કારણ એ છે કે, વેપારી લોકોની એવી રીતજ છેકે માલ જાંગડ આપ્યા

સિવાય વકરો થાય નહીં માટે જો તમે મને મારો માલ મેળવી આપશો તો એક લાખ રૂપીઆ હું આપને આપીશ. આ સાંભળતાંજ ન્યાયાધીસ તો ગાંડાઘેલા જેવો થઇ ગયો. કારણ આજ સુધી તેને આવો જબરો શિકાર હાથ લાગ્યો નહોતો તેથી એકદમ તે ઝવેરીના ઘેરપર જપ્તિ બેસાડી અને તેને કોર્ટમાં બોલાવી મંગાવ્યો, ઝવેરી કોર્ટમાં આવ્યો ત્યારે ન્યાયાધીસે તેને પુછ્યું કે, આ ગૃહસ્થ તમારો ઓળખીતો છે કે? ઝવેરીએ કહ્યું હા, એઓ દક્ષિણ દેશથી વ્યાપારાર્થે અત્રે આવ્યા છે. ન્યાયાધીશે પુછ્યું એણે તમારે ત્યાં કંઇ માલનું સાટું કરી તે માલ તમારે ત્યાં મુકયો છે કે કેમ? ઝવેરીએ કહ્યું હા, આ સાંભળી ન્યાયાધીશે કહ્યું કે તે સઘળો માલ અત્રે લાવી હાજર કરો. આ ઉપરથી ઝવેરીએ દુકાને જઇ સીલબંધ થેલી લઇને માથે ઉપડાવી કોર્ટમાં આણી તે સોદાગરને આપી અને કહ્યું કે, આ થેલી જુઓ એ તમારીજ સીલ કરેલી છેની? સોદાગરે પોતાની સીલની નિશાની જોઇ કહ્યું કે હા એજ કોથળી મારી છે. આ વખતે ન્યાયાધીશે ઝવેરીને કહ્યું કે, કોઇ પરદેશી ગ્રહસ્થે તમારી સારી આબરૂ જાણી ભરોંસો આણી તમારે ત્યાં કંઇ માલ અનામત મુકયો તો તે માલ ઉચાપત કરવા ધારો છો કે શું? ઝવેરીએ કહ્યું એની કીંમત નક્કી થઇ નથી. જેથી તે આજ સાંજે મારી દુકાને આવી નક્કી કરવાનો અમારો ઠરાવ છે. જો કે ઝવેરીએ કહ્યું કે, 'આજ રાતે કીંમત નકી કરવાનો ઠરાવ છે, પણ ન્યાયાધીશ એવું સમજ્યા કે વાદીને મોઢે તદન ઈનકાર ગયેલો હોવો જોઇએ. કારણ જો આજે કિંમત ઠરાવવાનું નકી કર્યું હોય તો તે વેપારી ફરીયાદ કરવા આવેજ નહીં. એમ ધારી પેલા સોદાગરને કહ્યું કે તમે બરોબર ખાત્રીથી તપાસ કરો કે આ માલ તમારોજ છે?

સોદાગરનીતો ખાત્રીજ હતી ! તેથી તેણે તરતજ કહ્યું કે હા; એજ માલ મારો છે. તે ઉપરથી નયાયાધીશે એકદમ ગુસ્સામાંજ તે કોથળી તેને લઈ જવા જણાવ્યું. જેથી તે ઝટ લઇને પોબરા ગણી ગયો ! એટલામાં તો ઝવેરી બોલી ઉઠયો કે હજી એની કીમત નકી થઈ નથી પઇસા આપ્યા સિવાય માલ આપ એકદમ તેને તાબે કરો છો એ તાજુબીની વાત છે ? નયાયાધીશે કહ્યું આવીજ રીતે આપે આજ સુધી દગલબાજી કરીને દોલત મેલવી છે કે કેમ ? આ સાંભ-ભતાંજ ઝવેરીનો ક્રોધ હાથમાં રહયો નહીં, અને લાંબું ટુંકું બોલવા જતો હતો એટલામાં નયાયાધીશે સીપાઇઓ પાસે ધકા મરાવી કોટ-ડીમાં પુરાવ્યો. આ બનાવથી ઝવેરી તો એક દમ આભોજ બની ગયો. આબરૂ ગઇ, માણસોમાં તે ગાંડામાં ખપ્યો, પાંચ લાખનો અવેજ ગયો ને કેદમાં પણ પડયો, તેથી તે મુર્છા ખાઈ પડયો. પછી કેટલીવારે તેને ભાન આવ્યું ત્યારે નયાયાધિશે તેને જણાવ્યું કે આજ સુધીમાં આપે આવી રીતે કેટલા માણસોને ઠગ્યા હશે. તે તપાસતાંજ તમે પણ આજ ઠીક હાથમાં આવ્યા છો. જો કે તમે તો શેઠજી આજે પાંચ લાખ રૂપીઆ પચાવી પાડવાનો વિચાર કર્યો હતો, પણ તે વેપારીનું પ્રારબ્ધ બળવાન કે માલ તમારાથી જીરવાઇ શકયો નહી, ખરેખર યાદ રાખો કે હમણાંજ તમને શ્રીમંત મહારાજા સા-હેબ પાસે લઇ જઉંછું. ત્યાં તેઓ સાહેબની સ્વેચ્છા મુજબ તમારી યોગ્ય વયવસ્થા થશે એમ કહી કચેરીમાંથી ઉઠી તેને દરબારમાં લઇ ગયા.

વાર્તા ૧૮ મી.

ચતુરે મોચણ તથા એક સાહુકારને ઠગ્યા.

ન્યાયાધીશ પાસેથી રજા લઇ કોથળી સાથે રાજપુત્ર ગલી કુચાઓમાં થઈ મોટા રસ્તાપર આવ્યો. ત્યાં એક મોચણ સારા જોડા લઇને વેચવા બેઠી હતી, તેની પાસે ગયો અને જોડા વેચાતા લેવા છે એમ કહી તેની પાસેથી તેણે જોડા લીધા. તે સ્ત્રી ઘણીજ દેદીપ્યમાન હતી, તેથી ચતુરસેને જોડા લઇ એક મોહર તેના ભણી ફેંકી અને કહ્યું, જોડાની કીંમત રાખી બાકીના પઇસા પાછા આપ, તે મોચણે પોતાના વરને આ વાત કહી. પણ પરચુસ્ણ પઇસા ઘરમાં ન હોવાથી તેણે તે રાજપુત્રને કહ્યું કે માહરાજ, ! આપજ આ મોહર વટાવી લાવો. રાજપુત્રે કહ્યું, તારો કોઈ માણસ મારી સાથે મોકલ, જેથી હું પાસેની દુકાનપર જઇ રૂપિઓ આપું છું. આ સાંભળી મોચીએ પોતાની સ્ત્રીને તેની સાથે મોકલી ત્યારે તેણીનો નાનો છોકરો તેની પુઠે લાગવાથી તેને પણ સાથે લઈ ગઇ. રાજપુત્ર એક સાહુકારની દુકાનપર આવ્યો, ત્યાં સાવકારે તેને વગર ઓળખાણનો પણ સભ્ય મનુષ્ય જાણી સનમાન આપી, અંદર બોલાવી બેસાડયો. એટલે ચતુરે કહ્યુ કે, શેઠજી અમારા મિત્રે એક કસબણ વેચાતી રાખી હતી. પણ તેની પરણીયત સ્ત્રીએ કંકાશ કરવાથી તેમજ મારે પણ તે કસબણની જરૂર નહીં હોવાથી તેને કોઇ ઠેકાણે વેચવાની છે, પણ સારી જગ્યાએ તેને વેચવી જોઇએ. એમ ધારી હું આપની પાસે લાવ્યો છું થોડા પઇસા મળશે તો પણ અડચણ નથી. તે બહાર બેઠી છે અને સ્વરૂપવાન અને ગરીબ છે. વળી એના

શરીર ઉપર રૂપીઆ પાંચશેંકના દાગીના છે તેમજ મારા મિત્રના પેટનો એક દિકરો છે તે સુદ્ધાંત હું આપને પાંચ હજાર રૂપીયે વેંચાતી આપુંછું. આપને અંદેશો હોય તો બહાર જઈ જોઇ ખાત્રી કરો. આ વખતે સાહુકાર બહાર આવ્યો અને જુએ છે તો ખુશ ખુશ થઈ ગયો. વળી તે સ્ત્રીની ખુબસુરતી પર આશક થઇ જતાંજ નાતરૂં કરવા વિચાર કરયો, અને પોતે પણ જાતનો કણબી હોવાથી તેમજ તેની વહુ વૃદ્ધ હોઈ ઘરમાં રોટલા ઘડી આપનાર કોઈ જુવાન નહિં હોવાથી, લાગલોજ ઘરમાં આવી રૂપીયા આપ્યા. ત્યારે રાજ-પુત્રે કહ્યું કે, શેઠજી મેં તે સ્ત્રીને વેંચી છે. પણ તેનું મારા પર હેત વિશેપ છે. તેમજ તે છોકરાનો મારી સાથે એટલો તો પ્રેમ બંધાયો છે કે મારાથી તેમના દેખતા જઇ શકાશે નહીં તેથી મહેરબાની કરી પાછલે બારણેથી મને કાઢશો તો તેઓને ખોટું લાગશે નહીં અને મને ઠીક પણ થશે. આથી સાહુકારે તેને પાછલે બારણેથી વિદાય કર્યો

પછી પોતે જાતનો કણબી તો હતો એટલે પોતાનીજ જ્ઞાતીની નવયૌવના સ્ત્રી તથા પુત્ર મળવાથી હાંફલો ફાંફલો બની હર્ષઘેલો થઈ ગયો. થોડીવારે ભાન આવ્યું ત્યારે પોતાની પરણીયત સ્ત્રીને કહ્યું કે, મેં નવી સ્ત્રી આણી છે તેના પગ ધોવા માટે પાણી આપ. ને એને કંકુનો ચાલ્લો કર અંદર લાવ. તે સ્ત્રી નવી વહુના પગ ધોવા માટે પાણી લઇ ગઈ અને તેના પગ ધોવાનું જણાવી કહ્યું કે મારા નાથે તને વેંચાતી લીધી છે તે પરથી તે મોચણે કહ્યું કે હું તો મોચણ છું, અને જોડાના પઇસા લેવા આવી છું આ સાંભળી સાહુકાર તથા તેની સ્ત્રીએ પેલી સ્ત્રીના હાથ ઝાલી ખેંચવા માંડી, જેથી ત્યાં આગળ રકઝક અને ખેંચતાણ થઇ. એટલુંજ નહિ પણ અરસપરસ ગાળોનો વરસાદ વરશી રહ્યો. જેથી સાહુકારે પોતાના ચા-

ફરીને તેને ઘરમાં લાવવાનો હુકમ કરયો. તેઓ તેને અંદર લાવવા લાગ્યા તેવોજ તે સ્ત્રીનો છોકરો ત્યાંથી નાશી ગયો, અને ગેર જઈ પોતાના બાપને સર્વ હકીકત કહી. તે છોકરાનો બાપ દશ વીશ મોચી લોકોને લઈ ત્યાં આવીયો અને શાહુકારને કહ્યું કે આ સ્ત્રી મારી છે તેથી મને પાછી આપ. તોપણ સાહુકારે તે માનયું નહીં. તેથી મોચીએ સરકારમાં ફરીયાંદ કરી. રાજાએ ન્યાય કરતાંજ તે મોચણ હોવાથી તેને તેના સ્વામીને હવાલે કરી અને શાહુકારને દંડ કરી તે વસુલ કરાવી મોચીને આપ્યો. મોચીતો સંતોષ પામ્યો. પણ દીલગીરી માત્ર એટલી થઈ કે સાહુકારની આબરૂ ગઇ અને તે ખિન્ન થયો.

વાર્તા ૧૯ મી.

ચતુરસેને રાજદાસીને ઠગી.

રાજાએ ફરીથી બીડું ફેરવ્યું, તે એક દાસીએ ઉચકયું અને રાજાને કહ્યું કે, મને હાલ દશ હજાર રૂપીઆ આપો એટલે હું આઠ દીવસમાં ચોર પકડી લાવીશ. રાજાએ તિજોરીમાંથી તુરતજ રૂપીઆ અપાવ્યા. તે લઇ ઘેર ઘેર જઇ ચાલતાં ચાલતાં કહેવા લાગી, કે દશ હજાર રૂપીયા લઇ કોઈ મને ઉંટનું માંસ આપસે ? રાજાની દાશીને આવી રીતે બોલતા સાંભળી ચતુરની માસીએ તેને પોતાના ઘરમાં બોલાવી. અને પુછયું કે, તારે શું જોઇએ છીએ ? તે પરથી તે બોલી કે ઉંટના માંસની મને ઘણીજ જરૂર છે તેથી રૂ. ૧૦૦૦૦) લઇ કોઇ આપે તો સારૂં થાય. પછી માલણે તેને પુછયું કે, આજ

ચોરને પકડવા રાજાએ શી રીતે ઠરાવ કર્યો છે? તે પરથી તે બોલી કે આજતો બીડું મેં ઝડપ્યું છે. આ બોલ તેના મોંમાંથી નીકળે છે એટલામાં ચતુરસેન બહારથી આવ્યો અને તેને કાને આ શબ્દો પડયા. જેથી પોતાને રજુ કરવા માટે આ દાસીએ પાનનું બીડું ઝડપ્યું છે, માટે તેની અચ્છી તજવીજ કરવી જોઇએ, એમ ધારી ચતુરસેને તેને કહ્યું કે, 'અહો ! તમારે ઉંટનું માંસ દવાને માટે જોઇએછે. તેના પઇસા તમારી પાસેથી લેવાય કે? અરે ! એમાં શું બીશાદ છે ! ચાલો ઘરમાં આવો. મારા ઘરમાં ત્રણ ચાર ઉંટનું માંસ છે ! એમ કહી તેને ઘરમાં તેડી જઇ અચ્છી રીતે કોપરા પાક જમાડયો પછી તેની આંખે મરચાનો પાટો બાંધીને મધરાત થતા સુધી રાખી છેવટ તેને ઘરમાંથી બહાર કાઢી મુકી. આથી તે દાશીએ જાણ્યું કે નકી એજ તે ચોર છે. એમ ધારી તેના ઘરમાંથી બહાર નીકળ્યા પછી જતી વખત તેને પેશાબ કરી જગા ભીની કરી અને તે ઠેકાણેથી માટીનો લોચો લેઈ ઘેરને નિશાની કરી અને રજવાડામાં જવાના ઇરાદાથી ધોરી રસ્તા ઉપર આવી પાટો છોડાવયો અને રાજવાડામાં ગઇ અને મધરાતે બનેલી સઘળી હકીકત રાજાને કહી. જે સાંભળી રાજા તો પેટ ભરીને હસવા લાગ્યો. તે કહેવા લાગી કે મેં તે ઘરને નીશાની કરી છે જેથી રાજાએ ત્યાં પહેરો ભરનાર બે ચાર સીપાઇ હતા તેઓને તેની સાથે મોકલ્યા અને દાશીએ કરેલી નીશાની જોવા જણાવ્યું. તેઓ ત્યાં જઇ જુએ છે તો પાડોશની ચાર પાંચ ગલીઓમાં બધે ઠેક ઠેકાણે ઘેર ઘેર સરખાં નીશાનીના ડાપકાં કરેલાં જણાયા તથા ભીની જગા પણ બધે ઠેકાણે જોઇ. આથી દાશી નિરાશ થઇ પાછી આવી, અને શરમાઇ જઇ કંઇ બોલીજ શકી નહીં.

વાર્તા ૨૦ મી.

ચતુરે એક ચોકશીને ભભુત ચોળાવી-

ઉપલી વાતને બે ચાર દીવસ થઈ ગયા તોપણ કોઈ બીડું ઉંચકતું નથી, અને સર્વ ઠેકાણે શાંતતા જોઈ ચતુરસેને વીચાર કર્યો કે, આમ મારે ક્યાં સુધી બેશી રહેવું જોઈએ એમ ધારી સમશાનમાં ગયો. તે દીવસે એક બાવાના વર્ણ ચારેકના દીકરો મરી ગયો હતો. તેને તે સમશાનમાં લાવી દાટ્યો. ને દાટવા આવેલા માણસો તેને દાટી ગયા પછી, ચતુરસેને છોકરાને ખાડમાંથી બહાર કાઢ્યો, અને તેને સારી રીતે ધોઈને ઘેર લાવ્યો. પછી તેને જવાહીરના ખોટા દાગીના પહેરાવી સારો રૂમાલ ઓઢાડી ખાંધ પર મુકીને મોહોટા વેપારીઓની દુકાન આગળ થઈને સારા સારા સોના રૂપાના દાગીના બાબત તપાસ કરતો એક મોટા ચોકશીની દુકાનપર ગયો, અને તેને પુછ્યું કે, 'તમારી પાસે ઉત્તમ સોના રૂપાના દાગીના હોય તો બતાવશો? ચોકશીએ તેના પોશાક ઉપરથી જાણ્યું કે આ કોઈ સભ્ય ગ્રહસ્થ છે. કારણ તેના અંગપર પણ ઉત્તમ જવાહીર છે. એમ જાણી લલચાયો. જેથી તેને ગાદીપર બેસાડી પુછ્યું કે, તમે શી જ્ઞાતી છો? અને વતન ક્યાં છે, તથા અતરે પધારવાનું કારણ શું? ત્યારે ચતુરસેને કહ્યું કે દીલ્હી શેહેરનો હું વેપારીછું. અને દેશાટણ કરવા નીકળ્યો છું. જો આ શેહેરમાં કોઈ-પણ વસ્તુ ઉત્તમ અને ભપકાદાર મળશે તો લઈશ, નહીં તો પાંચ સાત દીવસ રહી શેહેર જોઈ ચાલતો થઈશ, એથી બે પંથને દો કાજ થાયછે એક વેપારનો વેપાર, અને બીજું. શેહેર જોવાશે. પોતાના ઘરમાં

બેશી રહેવું અને દેશાટણ ન કરવું એ ઠીક નથી. જેને ચાલાકયમાં ખપવું હોય તેણે દેશાટણ અવસ્ય કરવું જોઇએ. લોકોમાં કહેવાય છે કે, "ફલાણાએ તો સો ઘંટીનો લોટ ખાધો છે. અથવા સેંકડો ઘાટનાં પાણી પીને તે પાકો થયો છે', એ વાત યથાર્થ છે કે પરદેશમાં ફરી અનુભવ મેળવ્યા વગર ગમે તેવો હોશીયાર માણસ હોય તોપણ તે ઠોકર ખાઇ જાય છે, એમ ધારી હું અતરે આવ્યો છું. વળી દેશાટન કરવાથી વીદ્વાન લોકોની સોબત થાય છે જેથી દેશોદેશની ભાષા સમજવામાં આવે છે, પ્રખ્યાત માણસોની સાથે ઓળખાણ થાય છે. અને તેમની સાથે સ્નેહ વધે છે. રાજ્ય વ્યવસ્થા ધ્યાનમાં આવે છે. કાયદા કાનુનની સમજણ પડે છે. તથા કયા દેશમાં કયો માલ ઉત્પન્ન થાય છે તે જણાઈ આવે છે તેમજ જુની ભવ્ય ઇમારતો જોવાય છે, એવી રીતના ફાયદા હોવાથી, મારા કુટુંબને સાથે લઇ પરદેશ નીકળી પડયો છું. અને સાથે પાંચ સાત ચાકર પણ લીધા છે. આ વાત સાંભળી ચોકશી સંતોષ પામ્યો, તથા પોતાના મુનીમ પાસે દુકાનમાંથી ઉંચી જાતના દાગીના મંગાવ્યા, તેમાંથી કેટલાક ચતુરસેને પસંદ કર્યા, અને પોતાની પાસેનાં પાંચ લાલ તેણે તેજ વખત બતાવ્યાં. જે જોતાંજ ચોકશી તો સ્તબ્ધ થઈ ગયો. કારણ તેવું એક પણ લાલ તેની પાશે નહોતું. પછી ચોકશી પાશેથી લાલ તથા ઘરેણાં પોતાની પાસે લીધાં અને ત્યાં પડેલી ગાદીપર પેલા છોકરાને સુવાડી ઉપર જરીની સાલ ચાલાકીથી ઓઢ઼ાડીને કહેવા લાગ્યો કે, 'શેઠજી! આ માલ હું લઇ જઇ મુનીમ તથા સ્ત્રીને બતાવું છું. એટલીવાર સુધી આ મારો રઘુવીરપ્રસાદ ઉંઘમાં છે માટે તેને અતરે રહેવા દઉં છું.' શેઠે વીચાર કર્યો કે, પોતાના દીકરાને મુકીને જાય છે તો પછી શી અડચણ છે, કારણ પેટના

દીકરા કરતાં બીજી કોઇ પણ વસ્તુ વીશેષ પ્રીય હોતી નથી. વળી એની પાસે જે લાલ છે તે એક એક બાદશાહી ઉભી થાય એવાં છે; તે પરથી એ સારો માણસ જણાય છે એમ ધારી શેઠે તેને જવા દીધો જેથી ચતુરસેન ત્યાંથી ઉઠીને માલણને ઘેર આવી બેઠો.

પછી ચોકશીએ ઘણી વખત સુધી રોહ જોઇ, પણ તે આવ્યો નહીં ! ત્યારે તેણે તપાસ કરવા માંડી, તો તેના ઠેકાણાની માહીતી નહીં હોવાથી ઘણોજ દીલગીર થયો. એમ કરતાં સાંજના પાંચ વાગ્યા તોપણ તે ગ્રહસ્થ આવ્યો નહીં, અને તેનો છોકરો પણ ઉંઘમાંથી ઉઠયો નહીં, જેથી કંટાળી તે છોકરા ઉપર ઓઢેલી શાલ ખેંચીને તે જુએ છે તો તે છોકરો શબવત માલમ પડયો. તેમજ તેના અંગપરનાં ઘરેણાં નીહાળીને જોતા ખોટાં માલમ પડયાં. આ જોઇ તેને એકદમ મુર્છા આવી. તેના ગુમાસ્તાએ આવી પાણી છાંટયા બાદ કેટલીકવારે તેને શુદ્ધી આવી ત્યારે હાય ! હાય ! કરી રૂદન કરવા લાગ્યો. પછી દુકાનનાં સર્વ માણશોએ મળી વીચાર કર્યો કે આ વાત સરકારમાં જાહેર કરીશું તો ખુનનો આરોપ માંથે આવશે. એમ વીચાર કરી એક વીશ્વાસુ નોકર સાથે તે સબને સમશાનમાં મોકલી ગુપચુપ દાટી દેવરાવવાની ગોઠવણ કરી અને પોતાનું થયેલું નુકશાન ખમી આબરૂનો બચાવ થયો તેજ મોટો લાભ છે એમ સમજી ચુપ બેઠો.

સંધ્યાકાળે સાત વાગ્યાને સુમારે ચતુરસેન એક નકામી પોટલી બાંધી પોતાની સાથે લઇ શેઠની દુકાને આવ્યો, અને તેણે કહ્યું કે, મારો દિકરો કયાં છે ? ત્યારે સાહુકારને ફાળ પડી કે હવે હું એને સો જવાબ દઉં ? તેને આવા વિચારમાં પડેલો જોઇ ચતુરસેને વધારે જોરથી બુમો પાડી પુછવા લાગ્યો. જેથી શાહુકારને બીજો રસ્તો ન

જડવાથી એકદમ ઉઠી તેને પગે લાગ્યો. અને કહ્યું કે, મહારાજ! હું તમારો દાસ છું. માટે મને ક્ષમા કરી જીવતદાન આપો. હું મારા દાગીના બદલ એક પણ પૈસો તમારી પાસે માગવાનો નથી. પણ મારા માથાપર વિપરીત પ્રસંગ આણશો નહિ. આપનો ચિરંજીવ દેવલોક પામ્યો તેથી તેણે હમણાંજ મારા વિશ્વાસુ ચાકર સાથે શમશાનમાં મોકલાવી દીધો છે. આ સાંભળતાજ ચતુરસેને મોટેથી પોક મુકી અને કહેવા લાગ્યો કે, અરે મારા દિકરાને તમે મારી નાંખ્યો? એટલા માટે સરકારમાં જઈ હું હવે જાહેર કરૂં છું. આથી તે સાહુકાર તથા તેના સર્વ માણસો તેને પગે લાગ્યાં. અને તેને ઘણી ઘણી રીતે વીનવી બીજા પણ ઘણા દાગીના આપી મુંગે મોઢે રવાના કર્યો.

વારતા ૨૧ મી.

ચતુરે મચાવેલી ધાંધલ.

રાજા બીડું ફેરવતો નથી અને મને પકડવા કોઈ હીંમત કરતું નથી એવું જોઈ ચતુરસેને શહેરમાં પુષ્કળ ધાંધલ કરવા માંડી. એક દીવસ તેણે વિચાર કરી શહેરના મધ્ય ભાગમાં એક મોટો બંગલો ભાંડે રાખ્યો. અને તે ઠેકાણે સીંધ દેશના રાજા રાણી રહેવા આવવાના છે. એમ વાયકા ઉડાવીઆથી દ્રવ્ય કમાવવાની આશાએ ઘણાક વાણીઆ કાપડવાળા, ફળફળાદીવાળા તેમજ અત્તરવાળા વિગેરે લોકોએ તેની પાસે આવી અમો સારો માલ આપીશું એમ વિનંતી કરવા માડી. તે બંગલામાં એવી તજવીજ કરવામાં આવી

હતી કે મધ્યભાગમાં દીવાનખાનું હતું. ત્યાં ઉત્તમ બીછાયત કરી. ગાદીઓ, તકીઆ ખુરશી, ટેબલ વિગેરે ગોઠવી દીધાં હતાં. અને ઉપર છટ બાંધી હાંડી ઝુમર વિગેરે લટકાવી દીધા હતાં. એક બાજુ ગાદીની પેલી તરફ ભપકાદાર નકશીની પેટી ગોઠવી હતી. અને દરેક પેટી પાસે ખડીઓ કલમ, રેતી કલમદાન કાગળ અને મોટા મોટા જમા ખર્ચના ચોપડા ગોઠવ્યા હતા. સારાંશ કોઇ પરભારયો માણસ આવે તેને તો એમજ જણાય કે, આ કોઇ રાજવંશીજ છે. તે દીવાનખાનાની જોડે ઉત્તર બાજુએ એક મોટો દરવાજો હતો. તેમાંથી અંદર જતા એક બીજું દીવાનખાનુ આવતું હતું કે, તેમાં પણ એવી વ્યવસ્થા કરી હતી છટ બાંધીને હાંડીઓ ઝુમર લટકાવ્યા હતાં, અને ચારે બાજુએ ભીંતો ઉપર નાના પ્રકારના ચિત્રોની તસવીરો ટાંગી દીધી હતી. નીચે ઉત્તમ પ્રકારનો ગલીચો પાથરી દીધો હતો, અને તેના વચલાભાગમાં એક સુંદર ટેબલ ગોઠવી દીધું હતું, તેમજ તેની ચારે બાજુએ અનુક્રમે ખુરસીઓ મુકી હતી. તેવીજ રીતે કોચ કબાટ વીગેરે નાના પ્રકારનો સામન પણ સ્વચ્છ રીતે વ્યવસ્થીત ગોઠવી બારણા આગળ એક ભરતકામનો પડદો નાખી અંદર મચ્છરદાનીનો નકશીદાર પલંગ ગોઠવ્યો હતો. તેનાપર મશરૂની ગાદીઓ નાખી ધોયેલી ચાદરથી પંલગ ને શણગાર્યો હતો. આ પ્રમાણે સર્વ તૈયારી કરી બે પરદેશીઓને નોકર રાખ્યા હતા. અને તેમને એવી તાકીદ આપી કે દરવાજાની અંદર મારા હુકમ શીવાય કોઇને આવવા દેવા નહી અને બીજા દશ પંદર નોકર રાખી તેમને વ્યવસ્થાસર કામ સોંપ્યું. જે બંગલો ભાડે રાખ્યો હતો તે ઉપર જણાવેલા સામાન સહીત રાખેલો હતો.

આવી રીતે સર્વ તૈયારી થયા પછી એક દીવસે સંધ્યાકાળે બજારમાં જઈ ભોઈ લોકોનો મીઆનો ભાડે લઇ આવ્યો. અને સાથે

પાંચ સાત પરદેશી સીપાઇઓ તથા પાંચ સાત બંદુકોવાળા ભાડે લઈ ગામ બહાર ગયો. આગલે દીવસે તેણે ગામના ઝાપા પાસે એક આંબાના ઝાડ નીચે એક નાનો તંબુ ઠેકાવ્યો હતો. તેની પાસે આ ભોઈ લોકો સાથે આણેલો મીયાનો લઈ ગયો. અને એક બાજુ પડદો નાખીને તે મીઆનામાં એક વજનદાર ગાંસડી મુકી. પછી પડદા છોડી મીઆનાનાં બારણા બંધ કર્યા અને ત્યાંથી સર્વ માણસો સાથે નીકળી બંગલા આગળ ભડાભડ બંદુકથી થતાં અવાજ સાથે આવી પાલખીને ઘરમાં લેવડાવી. અને ઉપર કહેલા દીવાનખાનાના બારણા આગળ ઉતરાવી સર્વ માણસોને બહાર કાઢ્યા તથા તે વજનદાર ગાંસડી કાઢી લીધી. પછી ભોઇ લોકોને પૈસા આપી તેમને રજા આપી. આ પ્રકારે સર્વ તજવીજ કરેલી જોઈ પાડ પાડોશીએ જાણ્યું કે રાણી આવવાનાં હતાં તે આવ્યાં.

બીજે દીવસે ચતુરસેને સુંદર પોશાક પહેરી એક નોકર સાથે શેહેરના તમામ મોટા મોટા વેપારીઓ, ઝવેરીઓ વગેરેને પોતાનો માલ વેચવા માટે બોલાવ્યા, તેથી મોતીવાળા, ઝવેરી, કાપડવાળા વેપારીઓ પોતાનો ઉત્તમ માલ બતાવવા માટે લઇ આવ્યા, જેથી ચતુરસેને તે માલ લઈ અંદર દીવાનખાનામાં જઇ જાણે કે કોઇની સાથે કંઇ વાત કરી માલ બતાવતો હોય તેમ ડોળ કરવા લાગ્યો. આવા પ્રકારનો તેનો કૃતીમ ઠાઠ જોઈ સરવે વેપારીઓને તેના પર બીલકુલ અંદેશો આવ્યો નહીં. પછી તેણે વેપારીઓને કહયું કે, બાઈ સાહેબ કહે છે કે આ તમામ માલ જાંગડ કીંમતની નોંધ કરીને અતરે રાખો. તેમાંથી અમોને જે પસંદ પડશે તે રાખી બાકીનો માલ કાલે પાછો આપીશું. કારણકે માલ મરજી મુજબ ન મળે તો

પછી તે કામનો શો ? વળી હાલના સમયમાં ઘણો દગો ફટકો થાય છે. તેથી તમારી નજરમાં આવે તો મુકી જાઓ. નહીં તો લઇ જાઓ. આ ઉપરથી ત્યાં ભરાયલા સઘળા વેપારી લોકોએ વીચાર કર્યો કે, આ જગાએ આટલો બધો ઠાઠ છે અને વળી પોતે ખાસ રાણી સાહેબ માલ રાખવાને માટે કહેછે, તેથી માલ અનરે જાંગડ મુકી જવામાં કંઇ અડચણ નથી. એમ વીચારી સરવે પોત પોતાનો માલ ત્યાં મુકી ગયા, અને અચ્છો વકરો થશે. એમ ધારી બીજા દીવસની રાહ જોતા બેઠા. આણી તરફ ચતુરે તમામ માલ તેજ દીવસે માલણને ઘેર લઇ જઇ છેવટ ભાડું પણ ઘરધણીને ચુકવી આપી ત્યાંથી નીકળ્યો અને માલણને ઘેર આવી સ્વસ્થપણે બેઠો.

બીજે દીવસે બપોરે સરવે વ્યાપારી ત્યાં આવીને જુએ છે તો ત્યાં આગળ કોઈ પણ માણસ મળે નહીં. ત્યાંથી આગળ દીવાનખાનામાં ગયા તો ત્યાં પણ કોઇ ન મળે જેથી હાંકો મારવા માંડી પણ ત્યાં હોય કોણ કે સાંભળે ? જેથી તમામ વેપારીઓ તો દીગમુઢ જેવાજ થઈ ગયા પછી કેટલાકે ત્યાં આજુબાજુ તપાસ કરવા છતાં કાંઇ પતો નહીં લાગવાથી તે ઘરના માલીક પાસે ગયા અને તમામ હકીકત કહેતાં તેણે કહ્યું કે, એ તો કાલેજ ભાડું ચુકવી આપી દેશ ગયા છે. આ સાંભળી તે બધા વેપારીઓ મળી ફરતા દશદશ ગાઉ સુધી માણસો તપાસવાને માટે મોકલ્યા, અને બીજી તરફ કોટવાલને બધી હકીકત જાહેર કરી તેણે પણ તે ઘેર જઇ તપાસ કર્યો, પણ કંઇ પતો લાગ્યો નહીં. અને મોકલેલા માણસો પણ બીજે દીવસે સાંજે રખડી ભુખ્યા ને તરસ્યા કંઇ પણ પત્તો મેળવ્યા સિવાય પાછા આવ્યા, જેથી સરવે વેપારીઓ કપાળે હાથ દઇ બેઠા.

આ વાત રાજાએ સાંભળી ત્યારે તે પણ ઘણો દિલગીર થયો. અને વીચારમાં પડ્યો કે, ગામમાં ઠગનું કામ કરનાર જે પેદા થયેલો માણસ છે તેજ એ હોવો જોઇએ ? પણ તેને કંઇ પણ રસ્તો નહીં સુઝવાથી પોતાને અપકીર્તિનો ડાઘ લાગેલો જાણી વીસ્મય પામી ચુપ બેશી રહયો.

વારતા ૨૨ મી.

સ્ત્રી અને પુરૂષને ઠગનાર ઠગારો.

એક દીવસે ચતુરસેને કેટલીક ખોટી જણુશો લઈ સવારે આઠ વાગતાના સમયે સરસ અને સ્વચ્છ પોશાકથી સજ થઇને તે એક ગ્રહસ્થને ઘેર ગયો, તે ગ્રહસ્થની વય સુમારે પચાશેક વરશની હતી. અને તેના લગ્ન બીજી વારના થયેલાં હોવાથી તેની સ્ત્રી હજી કોમલ નાજુક અને મનોરમાં સરખી લાગતી હતી. તે મનોરમાને એક બાળક થયું હતું. આ મનોરમા રતી રંભા સરખી સુંદરીનો પતિ સાધારણ રીતે શ્રીમંતો હતો. તે ખેતીવાડીનો અને સોનબાઈ લઈ રૂપાબાઇ દેવાનો ધંધો કરતો હતો, આ વ્યાજ વટાવના ધંધાથી તેને પુષ્કળ પેદાશ થતી હતી તેથી તે બધી વાતે સુખી રહેતો. પોતાના બાપદાદાઓના સમયમાં બંધાયલું જુનુ ઘર પડી જવાથી તેણે બીજું નવું અને રોનકદાર ઘર બંધાવ્યું હતું. તે ઘરના ઉપલા ભાગમાં કચેરીની બેઠક બનાવી હતી. ઘરના આંગણામાં એક નહાનો સરખો ફુલોનો બગીચો પણ બનાવ્યો હતો. ત્યાં આપણી વારતાનો નાયક ચતુર ઠગારો જઇ ચડ્યો. પણ તેના જોવામાં કોઈ માણસ

નક્કી આવવાથી નીચે બાંધવામાં આવેલા ઘોડાઓમાંથી એક ઘોડાના ગળામાંથી દોરડું કાપી નાખી હાંકી મુકયો. પછી આ ૫કડભાઇ ખટાક ખટાક કરતાં મેડી ઉપર ચડયા અને કચેરીમાં દાખલ થઈ, કચેરીના અધીપતિને નમસ્કાર કીધા. ચતુરને જોતાંજ તે સાહુકારને એમ જણાયું કે આ કોઈ રાજવંશી રત્ન છે તેથી તેનો આદર સત્કાર કરવો જોઇએ એમ વીચારી પોતે ઉભો થઇ તેના હાથ ઝાલી તેના લાયક તેને માન આપી પોતાની બાજુમાં બેસાડી તેને આવવાનું કારણ પુછયું. ચતુર ઠગસેને કહ્યું કે, 'હું તમારે ત્યાં કેટલાક દાગીના ગીરવી મુકવા આવ્યોછું.' તે સાંભળી તે શેઠે કહ્યું કે 'ઠીક છે. મારો તો એજ ધંધો છે. બતાવો જોઇએ તમારા દાગીના.' ડાહ્યા ઠગસેને જાણે પોતાની સાથે આણેલી પોટલી છોડવા માંડી હોયની તેવો ડોલ કરીને કહ્યું કે, 'અહો શેઠજી! આપ ઘોડાઓ રાખો છો કે શું?' તે વ્યાજ ખાઉ મારવાડી શેઠે કહ્યું કે કેમ? તમારે શું કામ છે?' હવે બાજી જામી એવું ધારી ઠગે કહ્યું કે, 'તમારા ઘરના આગણાની અંદર હું દાખલ થયો તે વખતે એક કાળા રંગનો ઘોડો તમારા ઘરમાંથી નીકળી ઉભે રસ્તે જતો હતો.' આ સાંભળતાજ તે શેઠે કહ્યું કે, 'આજે ચાકર ગામડે ઘી લેવા ગયો છે, તેથી ઘોડાઓની સંભાળ કોણ રાખી શકે? હું ઘોડાને પકડી લાવું ત્યાં સુધી તમે અહીંથી જશો નહીં.' એટલું કહીને તે ઘોડાની શોધમાં ગયો, એટલામાં તેની સ્ત્રીએ કચેરીમાં ડોકયું કરીને ઠગસેન ધુતારાને પુછયું કે, 'અહો પ્રવાસી! એ અમારા કયા ગયા? ઠગે કહ્યું કે, 'શેઠાણી! એ તમારા! તમે નહાના! અને એ મ્હોટા! તમારા શા સગા થાય? તેણે કહ્યું કે, એતો મારા ઘરવાળા થાય છે. આ સાંભળી ચતુરસેને હસીને કહેવા લાગ્યો કે, વાહ! કેવો

ચમત્કાર છે? અરે પરમેશ્વર, તું શું કરે છે? જે ઠેકાણે સર્વે વાતે સુખ અને સર્વ વાતે અનુકુળતા, તેવી જગાએ, કંઇ ને કંઇ પણ વિપરીત વાત દેખાઇ આવે છે. ધન્ય છે! હે નશીબ તનેજ! આ સાંભળતાંજ તે સ્ત્રી બોલી તમે આમ સંશયયુક્ત કેમ બોલો છો? મને ખુલ્લે ખુલ્લું કહો, જેથી સમજાણ પડે. આ આપના આશ્ચર્ય-કારક શબ્દોથી હું ઘણીજ ભ્રાંતીમાં પડીછું, માટે મહેરબાની કરીને ખુલે ખુલ્લું કહો, વીલંબ શા માટે કરો છો! ચતુરસેન બોલ્યો, હમણાંજ આ રસ્તેથી અંગે એક કાળી કુબ્જા જેવી, શરીરે લઠ, કુરૂપ, અને વળી એક આંખે તો આંધળી એવી સ્ત્રી આવી, અને તમારા સ્વામીનાથે તેને જોતાંજ મોં મલકાવયું એટલુંજ નહીં પણ તેણે ઇશારત કરતાંજ એ ભાઇ સાહેબ મને અતરે બેસાડી કયારથી તેની પાછળ દોડયા છે. અરેરે ઓ કેવો દુષ્ટ પુરૂપ! તમારા સરખી. એના હાથના બે બોર પણ ખાય નહીં, મનોહર સુરેખ સ્ત્રીને મુકી દઈ આવી જેના સામું કોઇ થુંકે પણ નહી એવી કુબજાપર તે મોહી પડયો! એ મને નવાઇ લાગે છે. પણ અમારે વચ્ચે બોલવાનું શું કામ? આ શબ્દો સાંભળીને તે સ્ત્રીને પોતાના સ્વામી પર ઘણી રીસ ચઢી. જેથી ચતુરસેનને ઘર સાચવવા માટે ત્યાં બેસવા સારૂ વિનંતી કરી અને પોતે ચતુરસેનના બતાવેલા આડે મારગે પોતાના સ્વામીને ખોલવા ગઇ. આણી તરફ કેટલીક વખત પછી તે ગ્રહસ્થ ઘોડો લઇને આવ્યો અને તેને ઘોડારથાં બાંધી ઉપર આવી ચતુરસેનને કહ્યું કે, આજ મને ઘણું નુકશાન થાત; પરંતુ તમે મારાપર ઘણો ઉપકાર કરયો, એટલામાં ચતુરસેને કહ્યું કે. હમણા ઘરમાંથી એક ગોરી સરખી બાઈ તમે કયાં ગયા? એમ પુછવા આવી હતી? તે ગ્રહસ્થે કહ્યું, મારી સ્ત્રી. આ સાંભળી

ચતુરસેન હસીને કહેવા લાગ્યો કે શું નશીબ છે ? જુઓ જે આ ઠેકાણે આવું જ અંધેર ! ' આવું તેનું સંશયયુકત ભાષણ સાંભળી તે શેઠે પુછયું કે, ' શું છે ? તે ખુલ્લે ખુલ્લું જણાવો.' ઠગે કહ્યું કે, 'આવી હતભાગી સ્ત્રીને તમારા સરખો શુંદર અને મનોહર કાંતીવાન અને ધનવાન પતી મળવા છતાં તેની તુલના ન કરતાં એક હબસી જેવા માણુસને જોતાજ હસતી હસતી તેની પાછળ દોડી, કેવો અન્યાય?' એ શબ્દો સાંભળતાજ શેઠના ગુસ્સાનો પાર રહ્યો નહીં. આંખો લાલ પીલી કરી આમ લવારો કરતો એક મજબુત લાકડી લઇ ઠગસેનને પુછયું કે, ભાઇ તે ભુંડી ભારજાં કયે રસ્તેથી ગઈ?' જે રસ્તેથી તે સ્ત્રી ગઈ હતી તે રસ્તો ન બતાવતા ઠગસેને તેથી ઉલટોજ રસ્તો બતાવ્યો. તે રસ્તે તે શેઠ દોડયો. હવે ઘરમાં કોઈ નથી. જેટલું લેવાય એટલું લે. ગભરાઇશમાં. આ ઘર તારૂજ છે. આ ઘરનો માલ પણ તારોજ છે. શું જોય છે ? થા સાવધ. આવો વીચાર કરી ઠગે શેઠની ગાદી ઉપર પડેલી કુંચીઓ લઈ ઝડપથી ત્યાં પડેલી તીજોરી ઉઘાડી દર દાગીના તથા રોકડ જે હાથમાં આવ્યું તે લઈ નીકળી ગયો, અને પોતાને ઠેકાણે જઈ સુતો.

પહેલાં ધણીધણીઆતો એક મેકને શોધી શોધીને થાકયા પણ કોઇને કોઇનો પત્તો ન લાગવાથી થાકયા પાકયા, લોથ પોઠ બની ગુસ્સામાં ને ગુસ્સામાં ઘેર આવ્યા. એક મેકને જોતાજ એક મેકના ગુસ્સાનો પાર રહ્યો નહીં. આંખ ચડાવીને શેઠે પોતાની સ્ત્રીને કહ્યું કે, ' અરે રાંડ ! કયાં લોઠા ઉપર આશક પડી તેની પાછળ દોડી હતી તે તો કહે ?' હા ! હા ! હવે બહું થયું ? બહુ બોલાવશો નહીં ? તમે એવી કઇ રાંડ કુબજા ઉપર મોહીત પડયા હતા કે તેને જોતાંજ ચાર

ચાર આંખો કરી તેની પાછળ દોડયા હતા.' આમ બંને એક બી-જાને મેણા ઓાથા મારતા અંતે થાકયા, બંને શાંત થયા. શેઠ કચેરીમાં જઇને જુએછે તો ચટાચટ મેદાન જણાયું, તીજોરીમાં ઉંદરોને દોડતા જોઇ શેઠના હોંશકોશ ઉડી ગયા. અને મનમાં વીચાર કીધો કે દાગીના ગીરવી મુકવા આવનાર માણસનુંજ કારસ્તાન છે. અમને બંનેને આડું અવળું સમજાવી ઘર બહાર કાઢી પાછળથી ઘર લુટી ચાલી ગયો. અરે લોભ તારો કંઇ થોભ છે. લોભે લક્ષણ જાય. અફ-સોસ! હાથે દાન આપી અન્યના આત્માને ઠાર્યો નહીં મનની વાસનાઓને તૃપ્ત કરી નહીં, એતો જેવીને તેવી રહી હાય રે હાય !

આ કેમ દીઠુ જાય, આ કેમ મુકયું જાય! આ કેમ સહન કરી શકાય! અરેરે! છાતી ફાટી જાશે! હાયરે હાય! આ ગયું તે હવે કેમ મેળવી શકાશે! મેળવતાં મેળવતાં નવ નેજા પાણી ઉતર્યાં હતાં. હવે શું કરવું! કોની પાસે જઇ પોક મુકવી! એતો માથામાં ગજ મારી લઇ ગયોરે લઈ ગયો. ખાધું નહીં, પીધુ નહીં, સદમાર્ગે વાપરી હાથ ઠાર્યો નહીં, નસીબરે નસીબ! એતો કમાય કોણ! અને ખાય કોણ! એવુ બન્યુંછે. પહેલા ભવનો લેણદાર હશે તે આ ભવે આવીને લઇ ગયોરે મારા બાપ! ઘરમાં એક દીવસનું ખાવાનું પણ રહેવા ન દીધું. અરે અમને માથે ચુનો ચોપડી બાવો કરી લઈ જનાર તારૂં તો આ ભવમાં કદી પણ સારૂ થનાર નથી! આવી રીતે તે બડબડતો અને માથું કુટતો તે તરત રાજા પાસે જઈ ફરીયાદ કરી. તે સાંભળી રાજા પણ ચીંતામાં પડયો અને તેજ વખતે દરબાર ભરી પાનનું બીડુ ફેરવ્યું. અને ઉપરથી જણાવ્યું કે જે માણસ આ ચોરને પકડી આપશે તેને તેની મરજી

મુજબ રૂપીઆ દશ હજારનું ઇનામ આપવામાં આવશે' આ સાંભળી સુબા સાહેબને કાંટો ચઢયો. અને તે કાંટાના આવેશમાં આવીને બીડું ઉઠાવી ચાવી જઈને કહયું કે, 'જો હું એ ચોરને નહીં પકડી આપીશ તો તેને બદલ રૂપીઆ એક હજારનો દંડ આપીશ. આ પ્રમાણેનો ઠરાવ થયા પછી દરબાર બરખાસ્ત થઇ.

વારતા ૨૩ મી.

સુબાને આસમાનના તારા બતાવનાર ઠગારો.

આજની દરબારમાં મુછપર હાથ મુકીને દસ હજાર રૂપીઆ મે ળવવાની લાલચથી ઠગને પકડવાનું બીડું સુબા સાહેબે ઉપાડયું છે એ વાત માલણે ઘેર આવી ઠગને કહી. મધરાત થતાંજ ઠગ ઘરમાંથી બહાર નીકળ્યો અને જે ઠેકાણે સુબો રોન ફરતો હતો ત્યાં આગળ આવીને કહ્યું કે, 'સાહેબ! જે ચોરને પકડતા નકે નેબ પાણી ઉતર્યાછે તે ચોરને હું ઓળખું છું. તેણે મને ચોરેલી મીલકતમાંથી ચોથો ભાગ આપવા કબુલ કરેલું છતાં આજ તે આપવા ના કબુલ થયો છે, અને તેથી અમારી વચ્ચે સખત મારામારી થઇ છે. જો આપ મારી મરજી મુજબ વરતશોતો હું તે હરામખોરને પકડી આપીશ! તેની મરજી મુજબ વરતવાને સુબો કબુલ થયો. દીશાએ જવા માટે લોકો સારૂં જે જગાએ જાજરૂં બાંધ્યા હતા તે જગાએ એકલા સુબાને લઇ

જઇને કહ્યુ કે, ' આ ગુણપાટના કોથળામાં તમે સંતાઇને બેસો.' આ મ કરવાની તેની એવી મતલબ હતી કે, જો તે તેમાં સંતાયતો તેનાં ગળા સુધી આવ્યા પછી તેને એવો ફાંસો દેવો કે જેથી તેનું મરણ ન થાય. અને બુમ ન પાડતાં બહાર પણ નીકળી શકે નહીં હું અને તે ચોર જે વખતે તમારી આગળ આવીએ કે તરતજ તમે કોથળા-માંથી બહાર નીકળી તેના ઘોડાની લગામ પકડી લેજો, ' આ સાંભળ-તાજ સુબો કોથળામાં પેઠો. ઠગે તરત સુબાનું માથું બહાર રખાવી કોથળનો કરેલો ફાંસો ખેંચી લીધો તથા અધુરામાં પુરૂં સુબાના મોપર રૂમાલ નાખી ગળે બાંન્ધે પણ હલકો ફાંસો દીધો. જેથી તેનાની બોલી તથા ચાલી પણ શકાયું નહીં. આ એક નરકનો ટોપલો કોથળાની પા-છળ બાંધી ચતુર ઠગ મો મલકાવતો અને સુબા સાહેબની અકલ ઉપર હસતો હસતો માલણને ઘેર આવી સુઇ ગયો.

આ શું થયું ! તેને આવતા એટલી બધી વાર કેમ લાગી ! જરૂર દગો થયો ! પકડવા જતા હુંજ પકડાઇ ગયો. ખરો ચોર તેજ બીજો કોઇ નહીં ! અલ્યા ચોર તેં મને સખ્ત રીતે આ કોથળામાં સપડાવ્યો છે જેમાંથી બહાર નીકળવા માટે મેં અનેક યુકતીઓ કરી જોઇ પણ તે યુકતીઓ નીસ્ફળ ગઇ ! હાય ! હવે મારી શી દશા થશે ! અલ્યા ચોર તારૂં સત્યાનાશ જજો ! આમ બકતો બકતો તે જમીન પર આડો પડી આંલોટતો આલોટતો શેહેર તરફ જાય છે તેવોજ તે એક મોટી ઉંડી ખાડમાં પડયો. કે જ્યાથી નીકળી શકાયુંજ નહીં.

સહવાર થતાંજ આ ખબર રાજાને કાને ગઇ. રાજા તે ખાડ પાસે આવી ખાડમાંથી કોથલાને બહાર કહાડી ઉઘડાવી જોયું તો

અંદર સુબા સાહેબને બેઠેલા જોયા. આ દેખાવ જોવાને ઉલટેલી મેદનીને જોઇ સુબા સાહેબ શરમાઇ ગયા. શરમાતો શરમાતો સુબો દરબારમાં આવ્યો. સુબાની હકીકત સાંભળી રાજા હેરત પામી જઇને એવો ઢંઢેરો પીટાવ્યો કે જે ચતુર ઠગને જીવતો પકડી લાવશે તેને દસ ગામનું ઇનામ આપવામાં આવશે. એજ જણાવી બીડું ફેરવતાં બપોર થતાં સુધી કોઇએ બીડું ઝડપ્યું નહીં. પણ કોની તાકાત હતી કે રાજાના દરબારમાં ઉઠીને બીડું ઝડપે. અત્યાર સુધી જે જે લોકો એ બીડા ઝડપયા હતા તે તો લોકોની શી દશા થઇ હતી. તે સર્વને અજાણ ન્હોતું ચતુર ઠગારાનો ઝપાટો એવો હતો કે તેના ઝપાટામાં કોઇ બચવા પામતું નહોતું.

પહેલો ભાગ સમાપ્ત.

શા. નારાયણલાલ મોતીલાલ બુકસેલર.
રીચીરોડ ચંગપોળ જાનીવાડો- **અમદાવાદ.**

હવે પછી બહાર પડનારાં પુસ્તકો.

ચતુરસીંહ ઠગારો. ભાગ પહેલો.	રૂ. ૦—૮—
ચતુરસીંહ ઠગારો. ભાગ બીજો, ...	રૂ. ૦—૮—
ચતુરસીંહ ઠગારો. ભાગ ત્રીજો.	રૂ. ૦—૮—
ચતુરસીંહ ઠગારો. ભાગ ચોથો.	રૂ. ૦—૮—
બાદશાહ બીરબલ. ૧ થી ૧૮ ભાગ.	રૂ. ૦—૧૨—
ચંદ્રકળા અને બહુરૂપીઓનું બજાર ભાગ પહેલો.	રૂ. ૧—૦—૦
ચંદ્રકળા અને બહુરૂપીઓનું બજાર ભાગ બીજો.	રૂ. ૧—૦—૦
ચંદ્રકળા અને બહુરૂપીઓનું બજાર ભાગ ત્રીજો.	રૂ. ૧—૦—૦
ચંદ્રકળા અને બહુરૂપીઓનું બજાર ભાગ ચોથો.	રૂ. ૧—૦—૦
સ્વર્ગની રમણીઓ.	રૂ. ૧—૦—૦
નગરશેઠની શેઠાણી.	રૂ. ૧—૦—૦
મહા ભારત રાગ રાગણી. વ્યાસજી વલ્લભરામનું બનાવેલું	રૂ. ૪—૦—૦
બસો વર્ષનું પંચાંગ.	રૂ. ૨—૦—૦
હીંદરાજસ્થાન. આસરે ૧૫૦૦ પાનાનું બાપાવાળાએ બનાવેલું	રૂ. ૫—૦—૦

પ્રગટ કર્ત્તા અને વેચનાર.

શાહ નારણલાલ મોતીલાલ બુકસેલર

ઠેકાણું ચંગપોળ—જાનીવાડો—અમદાવાદ.